Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ

WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

શુક્રવાર, તા.૧૭ મે, ૨૦૨૪

17/5/2024 * VOL : 44 * NO. 243 સંવત- ૨૦૮૦, વૈશાખ સુદ-૯

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

**આજનો સુવિચાર**

ભેગું કરેલું ભોગવી શકાશે કે કેમ એ ખબર નથી, પણ ભેગું કરવા જે કર્મ કર્યા એ તો ભોગવવા જ પડશે

# ઈડી આરોપીની ધરપકડ કરી શકે નહીં : સુપ્રીમ કોર્ટ

**નવી દિલ્હી,**

સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું કે જો મની લોન્ડરિંગનો મામલો સ્પેશિયલ કોર્ટમાં પહોંચ્યો હોય તો એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટની કલમ ૧૯ હેઠળ આરોપીની ધરપકડ કરી શકે નહીં.જસ્ટિસ અભય ઓકા અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાની બેંચે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના નિર્ણય પર આ આદેશ આપ્યો છે, જેમાં હાઈકોર્ટે આરોપીની ધરપકડ પૂર્વેની જામીન અરજી ફગાવી દીધી હતી.

સુપ્રીમ કોર્ટે આ વર્ષે જાન્યુઆરીમાં આરોપીઓને વચગાળાના જામીન આપ્યા હતા. આ મામલો જમીન કૌભાંડ સાથે સંબંધિત છે, જેમાં કેટલાક મહેસૂલ અધિકારીઓ પર મની લોન્ડરિંગનો આરોપ હતો.

ખંડપીઠે કહ્યું કે જો આરોપી કોર્ટ દ્વારા સમન્સ પાઠવ્યા બાદ હાજર થયો હોય, તો એવું માની શકાય નહીં કે તે ધરપકડ હેઠળ છે. એજન્સીએ સંબંધિત કોર્ટમાં કસ્ટડી માટે અરજી કરવાની રહેશે.

સ્પેશિયલ કોર્ટ EDને આરોપીની કસ્ટડી ત્યારે જ આપશે, જ્યારે તે સંતુષ્ટ હોય કે કસ્ટડીમાં પૂછપરછ જરૂરી હોય . સુપ્રીમ કોર્ટ દ્વારા ત્રણ ટિપ્પણી પર કરવામાં આવી હતી. જે મુજબ ૧. જો મની લોન્ડરિંગનો આરોપી કોર્ટના સમન્સ પછી હાજર થાય તો જામીન માટે અરજી કરવાની જરૂર નથી. આવી સ્થિતિમાં પીએમએલએની કલમ ૪૫ હેઠળ જામીનની શરતો પણ લાગુ પડતી નથી. ૨. કોર્ટના સમન્સ પછી જો આરોપી હાજર થાય તો ઈડીએ તેના રિમાન્ડ માટે સ્પેશિયલ કોર્ટમાં અરજી કરવી પડશે. ૩. કોર્ટ એજન્સીને ત્યારે જ કસ્ટડી આપશે જ્યારે તે સંતુષ્ટ થશે કે કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી છે.

કોર્ટના નિર્ણયનો અર્થ એ છે કે જ્યારે EDએ તપાસ દરમિયાન ધરપકડ ન કરાયેલા આરોપી વિરુદ્ધ ફરિયાદ મોકલી છે. ત્યારબાદ અધિકારીઓ પીએમએલએ એક્ટની કલમ ૧૯ હેઠળ આપવામાં આવેલી વિશેષ સત્તાનો ઉપયોગ કરી શકતા નથી. કલમ ૧૯ કહે છે કે જો ઈડીને ગુનામાં આરોપીની સંડોવણીની શંકા હોય તો તે તેની ધરપકડ કરી શકે છે.



PMLA હેઠળ જામીન શરતો જો આરોપી મની લોન્ડરિંગ હેઠળ જામીન માટે અપીલ કરે છે, તો તેના માટે એક શરત છે. કોર્ટ સરકારી વકીલની દલીલો સાંભળશે અને જ્યારે તે સંતુષ્ટ થશે કે તે વ્યક્તિ દોષિત નથી અને બહાર જઈને સમાન ગુનો કરશે નહીં, તો જામીન આપી શકાય છે. નવેમ્બર ૨૦૧૭માં, સુપ્રીમ કોર્ટે PMLA ની કલમ ૪૫(૧) ને અમાન્ય કરી દીધી હતી કારણ કે તેણે મની લોન્ડરિંગ આરોપીના જામીન માટે બે વધારાની શરતો લાદી હતી. કેન્દ્ર સરકારે પીએમએલએ એક્ટમાં સુધારો કરીને આ જોગવાઈઓ જાળવી રાખી હતી. છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું આ મામલે છેલ્લી સુનાવણી ૩૦ એપ્રિલે થઈ હતી. ત્યારે સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે જો કોર્ટે પીએમએલએ હેઠળ આરોપીને સમન્સ મોકલ્યા છે અને તે હાજર થયો છે, તો શું તે સીઆરપીસી હેઠળ જામીન માટે અરજી કરી શકે છે? ૩૦ એપ્રિલે કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. જે આજે કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો છે.

### જે લાગ્યું તે પ્રમાણે અમે ચુકાદો આપ્યો : કોર્ટ

સુપ્રીમ કોર્ટે કેજરીવાલને આપવામાં આવેલા વચગાળાના જામીન અંગે ટિપ્પણી કરતા કહ્યું હતું કે અમે કેજરીવાલને વચગાળાના જામીન આપવાના સંદર્ભમાં કોઈ જ અપવાદને ધ્યાને લીધો નથી. કોર્ટની જસ્ટિસ સંજીવ ખન્ના અને દિપાનકર દત્તાની ખંડપીઠે કહ્યું હતું કે અમે કોઈના પણ માટે કોઈ અપવાદને ધ્યાને લીધો જ નથી. અમને જે લાગ્યું તે પ્રમાણે અમે ચુકાદો આપ્યો છે.

# ‘૪ જૂન પછી બંને શહેજાદા વેકેશન પર જશે ખટાખટ ખટાખટ’ : મોદી

## મોદીએ ઉત્તર પ્રદેશની પ્રતાપગઢ બેઠક પર ભાજપની જનસભામાં સંબોધન દરમિયાન રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ પર શાબ્દિક પ્રહારો કર્યા

**(એજન્સી)પ્રતાપગઢ,**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશની પ્રતાપગઢ બેઠક પર ભાજપની જનસભામાં સંબોધન દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પર શાબ્દિક પ્રહારો કર્યા છે. તેમણે રાહુલ ગાંધીના ‘ખટાખટ ખટાખટ’વાળા નિવેદનનો જડબાતોડ જવાબ આપવાની સાથે ઉત્તર પ્રદેશના વિકાસનો ઉલ્લેખ કરી અખિલેશ પર પણ નિશાન સાધ્યું છે.

રાહુલે એક ચૂંટણી સભામાં કહ્યું હતું કે, ‘અમારી સરકાર બન્યા બાદ બેંક ખાતાઓમાં ખટાખટ ખટાખટ નાણાં મોકલાશે.’ ત્યારે વડાપ્રધાને રાહુલ નિવેદનને ટાંકીને કહ્યું કે, ‘તેમના મગજને કોઈ સમજાવે કે, રાબરેલીની પ્રજા પણ તેમને ખટાખટ ખટાખટ મોકલી દેશે. તેઓ અમેઠીથી ગયા હવે રાબરેલીમાંથી પણ જશે.’ તેમણે અખિલેશ પર નિશાન સાધી કહ્યું કે, ‘સમાજવાદી પાર્ટીના કારણે ઉત્તર પ્રદેશ પાછળ ધકેલાયું હતું, હવે અહીં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે.’ ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસે આ વખતની લોકસભા ચૂંટણીમાં સોનિયા ગાંધીની અમેઠી બેઠક પરથી રાહુલ ગાંધીને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. વડાપ્રધાન રાહુલ પર નિશાન સાધતા કહ્યું કે, ‘દેશ ચલાવવો સોનાની ચમચી લઈને જન્મેલા બાળકોનો ખેલ નથી. દેશ ચલાવવો તમારું કામ નથી. ચાર જૂન બાદ મોદીની સરકાર તો આવશે જ, આ સાથે ઘણું બધુ થવાનું છે. ચાર જૂન બાદ ઈન્ડી ગઠબંધન તૂટતી જોવા મળશે ખટાખટ ખટાખટ... પરાજય થયા બાદ બલીના બકરાને શોધવામાં આવશે ખટાખટ ખટાખટ. લખનઉવાળા શહેજાદા (અખિલેશ યાદવ) અને દિલ્હીવાળા શહેજાદા (રાહુલ ગાંધી) ઉનાળાની રજાઓ ગાળવા દેશમાંથી બહાર જતા રહેશે ખટાખટ ખટાખટ... આ બંને લોકો ખટાખટ ખટાખટ ભાગી જશે, ત્યારે માત્ર અમે એકલા જ રહીશું.



તેમણે વધુમાં કહ્યું કે, ‘કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધન ૧૦ વર્ષથી સત્તામાંથી બહાર છે. તેમની કાળી કમાણી ખતમ થઈ ગઈ છે, તેથી જ તેમની નજર દેશની તિજોરી પર છે.’ અનામત ખતમ કરવાના અને બંધારણને બદલવાના આક્ષેપો પર વડાપ્રધાને વળતો જવાબ આપી

### રાહુલ ગાંધીના ‘ખટાખટ ખટાખટ’ વાળા નિવેદન પર બોલ્યા મોદી

કહ્યું કે, ‘કોંગ્રેસે કર્ણાટક અને તેલંગણામાં OBCનું અનામત લઘુમતીઓને આપી દીધું છે. તેઓ બંધારણ બદલી દેશભરમાં આવું કરવા માંગે છે અને સમાજવાદી પાર્ટી આ મુદ્દે કશું જ બોલતી નથી. તેમની તૃષ્ટીકરણ નીતિ માત્ર અહીં જ અટકી નથી, આ લોકો મોદી વિરુદ્ધ વૉટ જેહાદ કરી રહ્યા છે. તેમના લોકોએ જ કહ્યું કે, તેમની સરકાર આવશે તો રામલલાને પરી ટેન્ટમાં મોકલી દેશે અને રામ મંદિરને તાળું મારી દેશે.’ વડાપ્રધાને કહ્યું કે, ‘મોદી છે, ત્યાં સુધી આ લોકો ધર્મના નામે દલિતો-પછાતના અનામતની લૂંટ કરવાનું વિચારી પણ નહીં શકે. મોદી છે, તેથી તેમના માટે અસંભવ છે. જ્યાં સુધી મોદી છે, ત્યાં સુધી રામલલાને ટેન્ટમાં મોકલવાના દિવસો નહીં આવે.

દેશની પ્રજા આવા લોકોને ટેન્ટમાં રહેવા મજબૂર કરી દેશે. તમારી સંપત્તિ વોટ જેહાદ કરનારા લોકોને વેચાશે, પરંતુ મોદી આવું ક્યારેય થવા નહીં દે. સમાજવાદી પાર્ટીની રાજનીતિથી સૌથી વધુ નુકસાન ઉત્તરપ્રદેશને થયું છે. પરિવારવાદ અને તૃષ્ટિકરણના કારણે રાજ્યની અધોગતિ થઈ હતી, પરંતુ હવે યુપી ફરી વિકાસના પાટા પણ દોડી રહ્યું છે.’

# દેશમાં ૧૮ મે સુધી આકરા તાપની આગાહી

## તાપમાન ૪૫ ડિગ્રીથી વધુ નોંધાય તેવી શક્યતા

**(એજન્સી)નવી દિલ્હી,**

અત્યારના સમયમાં સૌ કોઈ ભડભડતા તાપથી પરેશાન થઈ ચૂક્યા છે અને ઉનાળાની કાળજાળ ગરમી દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે તેની વચ્ચે ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટે તાપમાન અંગે આગાહી કરવામાં આવી છે. જેમાં સપ્તાહના અંતમાં દેશમાં હીટવેવની સ્થિતિ પાછી આવશે, તાપમાન ૪૫ ડિગ્રીને સ્પર્શે તેવી આગાહી છે. ભારતીય હવામાન વિભાગએ ૧૬ મે થી ૧૮ મે સુધી પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને દિલ્હી સહિત બહુવિધ ઉત્તર અને ઉત્તર પશ્ચિમી રાજ્યોમાં હીટવેવની સ્થિતિની આગાહી કરી છે. આઈએમડીની આગાહી મુજબ, દિલ્હી અને નજીકના રાજ્યોમાં તાપમાનની અપેક્ષા છે. શનિવાર, મે ૧૮ સુધી ધીમે ધીમે વધશે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે સપ્તાહના અંતમાં દિલ્હીમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસને સ્પર્શે તેવી શક્યતા છે. ગુરૂવારથી ઉત્તરીય રાજ્યોમાં સીધા સૂર્યપ્રકાશ તરફ દોરી જતા શુષ્ક પશ્ચિમી અને ઉત્તરપશ્ચિમી પવનો તેમજ સ્વચ્છ આકાશને કારણે તાપમાનમાં વધારો થયો છે. “છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીમાં પારો વધી રહ્યો છે અને આ સપ્તાહના અંત સુધી ચાલુ રહેવાની શક્યતા છે કારણ કે કોઈ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કે વરસાદની અપેક્ષા નથી. શુક્રવાર સુધીમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસને સ્પર્શી શકે છે અને શનિવારે ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. કેટલાક સ્ટેશનો હીટવેવ માટેના માપદંડોને પૂર્ણ કરી શકે છે,” આઈએમડી અધિકારીએ જણાવ્યું હતું. આઈએમડીની તાજેતરની આગાહી મુજબ, હીટવેવની સ્થિતિ પશ્ચિમ રાજસ્થાનને ૧૫ મે થી ૧૮ મે સુધી અસર કરશે, જ્યારે પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પંજાબ અને દક્ષિણ હરિયાણામાં આજથી શનિવાર સુધી હીટવેવ જોવા મળશે.

શુક્રવાર અને શનિવાર વચ્ચે ઉત્તર પશ્ચિમ મધ્ય પ્રદેશ અને બિહાર માટે હીટવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. રાજસ્થાનના ભાગોમાં આગામી પાંચ દિવસ સુધી ગરમ અને ભેજવાળું હવામાન યથાવત રહેશે, હવામાન એજન્સીએ આગાહી કરી છે. ૧૭ મે થી ૧૯ મે સુધી પંજાબ, હરિયાણા અને દિલ્હી દ્રઝઈ સહિત ઉત્તરીય મેદાનોમાં હીટવેવની સ્થિતિ વધુ તીવ્ર બનશે, રાષ્ટ્રીય રાજધાની આ સપ્તાહના અંતમાં સિઝનની તેની પ્રથમ હીટવેવની સાક્ષી બનશે.

# આયુષ્માન કાર્ડની આડમાં રૂપિયા કમાવવા થતી આડેધડ સર્જરીઓ બંધ થશે

## ખાનગી હોસ્પિટલોમાં જરૂર ન હોય છતાં કરાતી સર્જરીઓ પર અંકુશ

**(એજન્સી)નવી દિલ્હી,**

આયુષ્માન કાર્ડના નામે કેટલાંક લેભાગુ અને લાલચુ ડોક્ટરો ખોટી પ્રેક્ટીસ કરીને રૂપિયા કમાતા હોવાનું ઘણીવાર સામે આવી ચુક્યું છે. આયુષ્માન કાર્ડના નામે ખોટા ક્લેઈમ થતા હોવાનું પણ સરકારના ધ્યાને આવી ચુક્યું છે. આ એક આખુ મોટું કૌભાંડ ચાલે છે, જેમાં કાર્ડ કઢાવી આપનારા એજન્ટોથી લઈને કેટલાંક સરકારી કર્મચારીઓ અને મોટા મોટા તબીબો પણ સામેલ હોવાનું સરકારના ધ્યાન આવ્યું છે. જેથી ખાનગી હોસ્પિટલોના તબીબોની ખોટી સર્જરીઓ અને માત્ર સરકાર પાસેથી બિલ પાસ કરાવવા દર્દીના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાની વૃત્તિ રોકવા માટે સરકારે કડક પગલું લીધું છે.

સરકારના ધ્યાને આવ્યુ છે કે, જરૂર ના હોય તો પણ ખાનગી હોસ્પિટલોના કેટલાંય મોટા મોટા તબીબો રૂપિયા કમાવવાની લાલચમાં ખોટા રિપોર્ટ કરાવીને દર્દીની ખોટી રીતે સર્જરી કરી દેતાં હોય છે. આમાં ઘણાં બધાં લોકો સામેલ હોય છે. ઘણીવાર તો ગરીબ દર્દીને પણ ખાનગી હોસ્પટલો દ્વારા સર્જરી કરાવવા માટે પૈસાની લાલચ આપવામાં આવે છે. તો મોટાભાગના કિસ્સામાં ખાનગી હોસ્પિટલના તબીબો ખોટા રિપોર્ટ કરાવીને દર્દીને તાત્કાલિક સર્જરી કરાવવી પડશે એવું કહીને ડરાવે છે, અને આયુષ્માન કાર્ડમાં રૂપિયો પણ ખર્ચવો નહીં પડે એમ કહીને સર્જરી કરી દે છે. ઘણાં દર્દી પાસે આયુષ્માન કાર્ડ ના હોય તો ખાનગી હોસ્પિટલના તબીબો એજન્ટો પાસેથી તાત્કાલિક કાર્ડ કઢાવવાનું પણ સેટીંગ ધરાવે છે. આ એક મસમોટું કૌભાંડ છે. જેમાં ઘણી મોટી મોટી ખાનગી હોસ્પિટલના મોટા મોટા ડોક્ટરો પણ સામેલ છે.આયુષ્માન કાર્ડથી રૂપિયા બનાવવા માટે જરૂર ના હોય છતાં આડેધડ થતી સર્જરીઓને રોકવા સરકારે મોટું પગલું લીધું છે. હવેથી ૫૫ વર્ષથી નાની વયના લોકો આયુષ્માન કાર્ડ હેઠળ ની-રિપ્લેસમેન્ટ એટલેકે, ઘૂંટણની સારવાર ખાનગી હોસ્પિટલમાં નહીં કરાવી શકે. હવે તેવા દર્દીઓ માત્ર સરકારી હોસ્પિટલોમાં જ આ અંગેની સારવાર વિનામૂલ્યે કરાવી શકશે. રાજ્યમાં પાંચ વર્ષમાં ની-રિપ્લેસમેન્ટ કરાવનારા કુલ દર્દીઓમાંથી ૧૫થી ૨૦ ટકા દર્દી ૫૫થી ઓછી વયના હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ વિગતો એ દિશામાં ઈશારો કરે છેકે, બોગસ, લેભાગુ અને લાલચુ ડોક્ટરોએ તબીબી સેવાને એક ગંદો ધંધો બનાવી દીધો છે. આવા લાલચુ ડોક્ટરો ખોટી રીતે પૈસા કમાવવા માટે દર્દીના શરીરમાં બિનજરૂરી સર્જરીઓ કરીને આયુષ્માન કાર્ડ મારફતે સરકાર પાસેથી પૈસા પડાવવાનું કૌભાંડ ચલાવે છે. અહીં વાત માત્ર ની-રિપ્લેસમેન્ટથી અટકી જતી નથી. અન્ય બીમારીઓમાં પણ બોગસ પ્રેક્ટિસ કરતા તબીબો આ જ પ્રકારનો હથકંડો અપનાવે છે. જોકે, એ બાબતે હજુ સરકારે કોઈ પગલાં લીધાં નથી. ત્યાં સુધી આવા બોગસિયાઓનો ધંધો ચાલ્યાં કરશે.આયુષ્માન કાર્ડ હેઠળની-રિપ્લેસમેન્ટ, ની રિપ્લેસમેન્ટ રિવિઝન અને ગર્ભાશયની સર્જરી હવે સરકારી હોસ્પિટલોમાં જ કરાવી શકાશે. ખાનગી હોસ્પિટલોમાં આડેધડ થતી સર્જરીઓ પર લગામ કસવા આ કવાયત શરૂ કરાઈ છે. હાલના સમયમાં સાંધાની વિવિધ સર્જરીના પ્રમાણમાં વધારો થયો છે. નાની ઉંમરના લોકોમાં જરૂર ન હોય તો પણ ની રિપ્લેસમેન્ટ, ની રિપ્લેસમેન્ટ રિવિઝન અને ગર્ભાશયની સર્જરી થતી હોવાનું સરકારના ધ્યાનમાં આવ્યું હતું. જેથી આયુષ્માન કાર્ડ હેઠળ ૫૫ વર્ષથી નાની વયના લોકો માટે આ ત્રણ સર્જરી માત્ર સરકારી હોસ્પિટલમાં જ કરાવી શકાય તેવો નિયમ લાવવાની ફરજ પડી છે. આરોગ્ય વિભાગનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે આયુષ્માન કાર્ડ હેઠળ અગાઉ કોઈ પણ ઉંમરની વ્યક્તિની ની રિપ્લેસમેન્ટ, ની રિપ્લેસમેન્ટની રિવિઝન સર્જરી તેમ જ ગર્ભાશયની કોથળી સર્જરી રિઝર્વ રાખવામાં આવી છે.

## ડાયાબિટીસ, હાર્ટ અને લીવર જેવી અનેક બીમારીઓની ૪૧ દવાઓ સસ્તી થશે

**નવી દિલ્હી,**

ભારત સરકારે ડાયાબિટીસ,હાર્ટ અને લીવર જેવા રોગોની સારવાર માટે વપરાતી દવાઓના ભાવમાં રાહત આપવાનો નિર્ણય કર્યો છે. સરકારે ૪૧ દવાઓ અને ૬ ફોર્મ્યુલેશનની કિંમતો નક્કી કરી છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી સામાન્ય જનતાને મોટી રાહત મળશે. ફાર્માસ્યુટિકલ્સ વિભાગ અને નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, એન્ટાસિડ્સ, મલ્ટીવિટામિન્સ અને એન્ટિબાયોટિક દવાઓ સસ્તી થશે. ફાર્મા કંપનીઓને તાત્કાલિક અસરથી ડીલરો અને સ્ટોકિસ્ટોને વિવિધ દવાઓના નીચા ભાવ વિશે માહિતી આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ નિર્ણય એનપીપીએની ૧૪૩મી બેઠકમાં લેવામાં આવ્યો હતો જેથી કરીને આવશ્યક દવાઓની કિંમતો જનતા માટે પોષણક્ષમ રહે. ભારતમાં ડાયાબિટીસના સૌથી વધુ કેસોમાંનું એક છે, દેશમાં ૧૦ કરોડથી વધુ ડાયાબિટીસના દર્દીઓ છે, જેમને ભાવ ઘટાડાથી ફાયદો થવાની અપેક્ષા છે. ગયા મહિને, ફાર્માસ્યુટિકલ્સ વિભાગે ૯૨૩ સુનિશ્ચિત દવાઓના ફોર્મ્યુલેશન માટે તેની વાર્ષિક સુધારેલી ટોચમર્યાદા કિંમતો અને ૬૫ ફોર્મ્યુલેશન માટે રિવાઈઝ્ડ છૂટક કિંમતો જારી કરી હતી, જે ૧ એપ્રિલથી લાગુ થઈ હતી.

## ચાર ધામમાં મંદિર પરિસરની અંદર મોબાઈલ લઈ જવા ઉપર પ્રતિબંધ

**(એજન્સી)દેહરાદૂન,**

ચારધામ યાત્રા ૨૦૨૪ સાથે જોડાયેલ એક મોટા સમાચાર આવી રહ્યા છે. જો તમે પણ આ યાત્રા પર જઈ રહ્યા છો, તો આપના માટે આ જાણકારી જરુરી છે. હકીકતમાં જોઈએ તો, ચાર ધામમાં મંદિર પરિસરની અંદર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં મંદિરની અંદર હવે શ્રદ્ધાળુઓ પોતાના મોબાઈલ લઈ જઈ શકશે નહીં. ત્યાં સુધી કે ચારેય ધામોમાં મંદિરની ૨૦૦ મીટરની રેન્જમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ઉત્તરાખંડના ચીફ સેક્રેટરી રાધા રતૂડીએ આ આદેશ જાહેર કર્યા છે.

## યુક્રેન યુદ્ધ વચ્ચે ચીન પહોંચ્યા રશિયાના રાષ્ટ્રપતિ પુતિન

**(એજન્સી)નવી દિલ્હી,**

યુક્રેન સાથેના યુદ્ધ વચ્ચે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ગુરુવારે ચીન પહોંચ્યા હતા. તેઓ ચીનની બે દિવસની મુલાકાતે છે. આ દરમિયાન તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળશે. આખી દુનિયાની નજર પુતિનની જિનપિંગ સાથેની મુલાકાત પર છે.પુતિને તાજેતરમાં જ પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. ત્યાર બાદ આ તેમનો પ્રથમ વિદેશ પ્રવાસ છે. પરંતુ રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા બાદ પુતિનનો તેમની પ્રથમ મુલાકાત માટે ચીનને પસંદ કરવાનો નિર્ણય ચર્ચામાં રહે છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે પુતિને આ મુલાકાત દ્વારા વિશ્વને પોતાની પ્રાથમિકતાઓને લઈને સંદેશ આપ્યો છે. પુતિને કહ્યું છે કે શી જિનપિંગ સાથે તેમના સંબંધો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

હકીકતમાં, ચીન અને રશિયાએ ફેબ્રુઆરી ૨૦૨૨માં ‘નો લિમિટ’ ભાગીદારીની જાહેરાત કરી હતી.ચીન પહોંચ્યા બાદ પુતિને શી જિનપિંગની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે જિનપિંગે રાષ્ટ્રીય હિત અને પરસ્પર વિશ્વાસના આધારે રશિયા સાથે વ્યૂહાત્મક ભાગીદારી બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીના કારણે જ મેં રશિયાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદ ફરી એકવાર ચીનની મુલાકાત લેવાનું નક્કી કર્યું.તેમણે કહ્યું કે અમે ઉદ્યોગ, ઉચ્ચ ટેકનોલોજી, અવકાશ, પરમાણુ ઉર્જા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈનોવેટિવ ક્ષેત્રોમાં સહયોગ વધારવાનો પ્રયાસ કરીશું.પુતિનની આ મુલાકાત રશિયા અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠ પર થઈ રહી છે.

ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન સામે યુદ્ધ શરૂ થવાના થોડા અઠવાડિયા પહેલા પુતિન જ્યારે ચીન ગયા હતા ત્યારે તેમણે જિનપિંગ સાથે કહ્યું હતું કે બંને દેશો વચ્ચે એવી ભાગીદારી હશે જેની કોઈ ‘મર્યાદા’ નહીં હોય.

## ઇન્ડિયા ગઠબંધનની સરકાર બનશે તો બહારથી સમર્થન આપીશું: મમતા

**(એજન્સી)કોલકાતા,**

લોકસભાની ચૂંટણી ચાલી રહી છે. દેશમાં કોની સરકાર બનશે તે તો ૪ જૂને પરિણામ જાહેર થયા બાદ જ ખબર પડશે. આ પહેલા વિપક્ષી ગઠબંધન સરકાર બનાવવાની યોજનાઓ પર નિવેદન આપવાનું શરૂ કરી ચુક્યું છે. ટીએમસી સુપ્રીમો મમતા બેનર્જીએ કહ્યું કે જો લોકસભા ચૂંટણી પછી ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનશે તો તે આ સરકારમાં સામેલ નહીં થાય પરંતુ બહારથી તેમની પાર્ટીને સમર્થન આપશે. નોંધનીય છે કે ચોથા તબક્કાના ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે કહ્યું હતું કે જો ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનશે તો તેમને સંપૂર્ણ સમર્થન મળશે. મમતા બેનર્જીએ કહ્યું, અમે ઈન્ડિયા ગઠબંધનને નેતૃત્વ પ્રોવાઈડ કરીશું અને તેમને દરેક રીતે બહારથી મદદ કરીશું.

## જ્યોર્જિયામાં થયેલા અકસ્માતમાં ત્રણ ઈન્ડિયન સ્ટૂડન્ટ્સનાં મોત

**(એજન્સી)વોશિંગ્ટન,**

જ્યોર્જિયાના આલ્ફારેટામાં થયેલા એક કાર એક્સિડન્ટમાં ત્રણ ભારતીય સ્ટૂડન્ટ્સના મોત થયા છે, જ્યારે બે લોકો ઘાયલ થયા છે. અકસ્માતનો ભોગ બનેલા તમામ સ્ટૂડન્ટ્સ માત્ર ૧૮ વર્ષના હતા અને મૃતકોમાં એક યુવક તેમજ બે યુવતીનો સમાવેશ થાય છે જેમની ઓળખ આર્યન જોષી, શ્રીયા અવસારલા અને અવની શર્મા તરીકે કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર આર્યન અને શ્રીયાના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે અવનીએ નોર્થ ફુલટન હોસ્પિટલમાં બુધવારે સવારે અંતિમ શ્વાસ લીધા હતા. આ અકસ્માતમાં ઘવાયેલા અન્ય બે સ્ટૂડન્ટ્સની ઓળખ પણ જાહેર કરવામાં આવી છે, જેમના નામ રિતવાક સમપાલ્લી અને મોહમંદ લિયાકત હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતનો ભોગ બનેલા આ સ્ટૂડન્ટ્સ અમેરિકા ભણવા માટે ગયા હતા કે પછી ત્યાંના જ સિટીઝન હતા તેની પણ કોઈ વિગતો નથી મળી શકી. પોલીસનું માનવું છે કે આ અકસ્માત ઓવર સ્પિડિંગને કારણે થયો હોઈ શકે છે, જે કારમાં આ સ્ટૂડન્ટ્સ સવાર હતા તેના ડ્રાઈવરે ફુલ સ્પીડ પર સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા તે પલ્ટી ખાઈને રસ્તાની બાજુમાં આવેલી ટ્રી લાઈનમાં ખાબકી હતી તેવું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. અમેરિકન મીડિયાના રિપોર્ટ્સ અનુસાર આ અકસ્માતમાં જીવ ગુમાવનારો આર્યન આલ્ફારેટા હાઈ સ્કૂલનો સ્ટૂડન્ટ હતો અને એક વીક બાદ તે ગ્રેજ્યુએટ થવાનો હતો, જ્યારે અવની અને શ્રીયાએ હાલમાં જ જ્યોર્જિયા યુનિવર્સિટીમાંથી પોતાનું પહેલું વર્ષ પૂરૂં કર્યું હતું.

H.K.TRAVELS



New Launched Luxury

ડેઈલી સર્વિસ

અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે

અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે

પાર્સલ સર્વિસ ઉપલબ્ધ

અરજન્ટ ડીલેવરી

online booking www.hktravel.in

H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી

ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289



કોમ્બો ઓફર્સ માં એક જ નામ

MAHESHWARI

Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals

DULHA PACKAGE
ફક્ત 17,999/-
હેવી શેરવાની વર્ક સેટ (સાફો + દુપટ્ટો + મોજડી + માળા)
+
ટક્સીડો સુટ (કોટ + પેન્ટ + શર્ટ + ટાઇ + કફલીંક્સ + હેન્કી)
+
ઈન્ડો વેસ્ટર્ન સેટ

SIDER PACKAGE
ફક્ત 7,999/-
સુટ (કોટ + પેન્ટ + શર્ટ)
+
કોટી - કૂર્તા સેટ
+
પેન્ટ - શર્ટ

3 Pant + 3 Shirt
Raymond DIGJAM Arvind
₹ 6,199/- ONLY
Fabric+ Stitch

બુકીંગ પર લકી ડ્રો માં એક્સ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.

પેકેજ પ્રાઈઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.

PALDI
5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge.
079 - 2660 7614

NARANPURA
2/29, Sunernagar Society, Beside Manish Hall, Nr. Kameshwar Mahadev,
+91 9173-0-8282-7

BOPAL
110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction.
+91 8686-8-8282-7

# આણંદ જિલ્લામાં "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" ની ઊજવણી



(માહિતી) આણંદ,
કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ડેન્ગ્યુના ફેલાવાને રોકવા માટે, સમગ્ર દેશમાં વિવિધ સ્તરે દર વર્ષે ડેન્ગ્યુથી બચવાના ઉપાયો અંગે જાગૃતિ લાવવા ૧૬મે, ના રોજ "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" ઉજવવામાં આવે છે. જે અન્વયે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.દિપક પરમારના માર્ગદર્શન અને જિલ્લા મેલેરીયા અધિકારી ડો. રાજેશ પટેલના આયોજન હેઠળ જિલ્લાના ૫૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ ૮ અર્બન આરોગ્ય કેન્દ્રોના ક્ષેત્રિય વિસ્તારમાં ×ચાલો સૌ સાથે મળીને ડેન્ગ્યુ પર નિયંત્રણ મેળવીએ× થીમ અંતર્ગત "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ"ની અર્બન આરોગ્ય કેન્દ્ર, પેટલાદ ખાતે ઉજવણી કરવામાં આવી હતી.

પેટલાદ ખાતે યોજાયેલ જનજાગૃતિ રેલીમાં જિલ્લા મેલેરીયા અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી, અર્બન આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફીસર, આયુષ મેડીકલ ઓફીસર, તમામ અર્બન આરોગ્ય કર્મચારીઓની ટીમ અને બહોળી સંખ્યામાં હાજર આરોગ્ય કર્મીઓ દ્વારા ડેન્ગ્યુ રોગ પર નિયંત્રણ અને તેની અટકાયત અંગેની માહિતી આપવામાં આવી હતી.

આ ઉજવણીનો મુખ્ય હેતુ ચોમાસાની ઋતુ પહેલા અને દરમ્યાનના સમયગાળામાં મચ્છરની ઉત્પત્તિના સ્થાનો શોધીને નાબુદ કરવા, વિવિધ આરોગ્ય શિક્ષણના કાર્યક્રમો હાથ ધરી લોકોમાં જાગૃતિ લાવવી, આ કામગીરીમાં તમામ નાગરીકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત કરી ચોમાસામાં ફેલાતા મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકન ગુનિયા રોગોને નિયંત્રિત કરવાનો છે. ઉલ્લેખનીય છે કે "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" નિમિત્તે જિલ્લામાં વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જિલ્લામાં આવેલા વિવિધ જાહેર સ્થળોએ ૨૫ રેલી કાઢીને જન જાગૃતિ કરવામાં આવી હતી.

# યુકેમાં ગ્રેજ્યુએટ વિઝા રૂટને બંધ કરવાની તૈયારી

(એજન્સી)લંડન,
બ્રિટન સરકાર ભારતીય વિદ્યાર્થીઓને મોટો ઝટકો આપવા જઈ રહી છે. મીડીયા રીપોર્ટ અનુસાર ઋષિ સુનકની સરકાર માઈગ્રેશન એડવાઈઝરી કમીટીએ ગ્રેજ્યુએટ વીઝા રૂટને લઈને એક એનોરીપોર્ટ બનાવ્યો છે. જે બ્રિટનમાં વસતા ૨૫ લાખ ભારતીય વોટરને નારાજ કરી શકે છે. ગ્રેજ્યુએટ વિઝા રૂટ બંધ કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. સુનીક કેબીનેટમાં તે અંગે પ્રસ્તાવ મુકવામાં આવશે.

રીપોર્ટ અનુસાર, જો આ યોજનાના પ્રાવધાન લાગુ થાય છે. તો દર વર્ષે અંદાજે ૯૧ હજાર ભારતીય વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએટ રૂટથી વિઝા નહી મળી શકે. હાલ દરવર્ષે અંદાજે ૧ લાખ ૩૦ હજાર ભારતીય વિદ્યાર્થીઓને આ માધ્યમથી એન્ટ્રી મળે છે. ઘટાડા બાદ માત્ર ૩૯ હજાર વિદ્યાર્થીઓઅને જ એન્ટ્રી મળી શકશે. ઉલ્લેખનીય છેકે, વર્ષ ૨૦૨૧માં શરૂ થયેલા ગ્રેજ્યુએશન વીઝા રૂટથી ભારતીય અને અન્ય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માસ્ટર્સનો અભ્યાસ પુર્ણ કર્યાના બે વર્ષ સુધી બ્રિટનમાં રહેવા અને નોકરી કરવાની પરમીશન મળે છે. બ્રિટનમાં ગૃહમંત્રી જેમ્સ કલેવરલીનું કહેવું છેકે જોવામાં આવ્યું છે કે, આ વીઝાનો ઉપયોગ વિદ્યાર્થીઓએ ઈમીગ્રેશન માટે કર્યો છે. ત્રણ વર્ષ પહેલા ૬ લાખ વિદ્યાર્થીઓને આના થકી એન્ટ્રી મળી હતી.

સરકારના આ પ્લાનીંગથી આગામી વર્ષે આવી રહેલા ઈલેકશન પર પણ મોટી અસર પડશે. વિપક્ષની લેબર પાર્ટીના અધ્યક્ષ કીથ સ્ટ્રેમરનું કહેવું છે. કે સરકારના આ નિર્ણયથી બ્રિટનમાં રહેતા ૨૫ લાખ ભારતીય વોટર આ કારણે નારાજ થઈ શકે છે. વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએશન વીઝા મળવાથી તેમના ઈમીગ્રેશનનો દાવો મજબુત થાય છે. કારણ કે અભ્યાસના બે વર્ષ સુધી સ્ટેની છુટ મળવાથી આ વિદ્યાર્થીઓ સ્કીલ્ડ વર્કરની કેટેગરીમાં આવી જાય છે. ભારતીય વિદ્યાર્થીમાં લગભગ ૮૦ ટકા લોકો અહી મેડીકલ, એન્જીનીયરીગ અથવા લોના અભ્યાસ માટે આવે છે. અભ્યાસ બાદ તેમને એકસટેન્ડેન્ટ સ્ટે દરમ્યાન સ્કીલ્ડ વર્કરની સેલેરી મળે છે.

# સાયબર છેતરપિંડીની લાખો ફરિયાદો સામે માત્ર એક ટકાથી ઓછાની ધરપકડ

**ચાર વર્ષમાં ૩૧ લાખ ફરિયાદો મળી: નેશનલ સાયબર ક્રાઇમ પોર્ટલમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા**

(એજન્સી)નવીદિલ્હી,
સાયબર ક્રાઈમના સતત વધી રહેલા કેસોએ સરકારને ચિંતામાં મૂકી દીધી છે. તાજેતરમાં સાયબર ફ્રોડના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. નેશનલ સાયબર ક્રાઈમ પોર્ટલ એટલે કે એનસીઆરપીએ જણાવ્યું છે કે ૨૦૨૦ થી ફેબ્રુઆરી ૨૦૨૪ ની વચ્ચે સાયબર ફ્રોડની લગભગ ૩૧ લાખ ફરીયાદો મળી હતી. આ સમયગાળા દરમ્યાન સૌથી ગંભીર બાબત એ હતી કે સાયયબર ફ્રોડના કેસમાં બહુ ઓછા લોકોની ધરપકડ કરવામાં આવી હતી. સરકારી ડેટા અનુસાર કુલ સાયબર છેતરપિડીના એક ટકાથી ઓછા કેસમાં ધરપકડ થાય છે.

દેશભરમાં સાયબર ક્રાઈમને રોકવા માટે વિવિધ એજન્સીઓ દ્વારા લગભગ ૬૬ હજાર એફઆઈઆર નોંધવામાં આવી હતી. પરંતુ આ વર્ષ સુધી માત્ર ૫૦૦ કેસમાં જ ધરપકડ કરવામાં આવી છે. દેશના ગૃહમંત્રાલય અને નાણાં મંત્રાલયયની અલગઅલગ બેઠકોમાં આ મુદો ઉઠાવવામાં આવ્યો છે. સાયબર છેતરપિડીના કેસોમાં ગુનેગારોની ઓછી ધરપકડ એ મોટી ચિંતાનો વિષય છે. આમાં પણ લોન આપતી એપ દેશની અર્થવ્યવસ્થા અને બંધારણને ભારે નુકશાન પહોચાડે છે. લોન એપ દ્વારા સાયબર છેતરપિંડી કરતા લોકોએ પકડવામાં મંદીનું મુખ્ય કારણ કેસોની તપાસની ધીમી ગતિ છે.

આવા કિસ્સાઓમાં સાયબર ગુનેગારો તરત જ પૈસા વિવિધ દેશોમાં ટ્રાન્સફર કરે છે. આવી સ્થિતિમાં સાયબર છેતરપિંડી કરનાર વ્યક્તિ સુધી યોગ્ય સમયે પહોંચવું ખુબ મુશ્કેલ બની જાય છે. અહેવાલોમાં કહેવામાં આવી રહયું છે. કે કેન્દ્રીય ગૃહમંત્રાલયની બેઠકમાં સાયબર છેતરપિડીના મામલામાં તપાસની ગતિને કેવી રીતે ઝડપી બનાવવી તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

**ટુર્નામેન્ટ શરૂ થાય એ પહેલાં જ જાહેરાતોના મોરચે બીગ સ્કોર**

# ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડ કપઃ જાહેરાતની આવક બે ગણી વધી ૨,૦૦૦ કરોડ થશે

(એજન્સી)અમદાવાદ,
પહેલી જુનથી ટી-૨૦ ક્રિકેટ વિશ્વ કપનો પ્રારંભ થવા જઈ રહયો છે. મેચ દરમ્યાન આવતી જાહેરાતોના મામલે આ ટુર્નામેન્ટની મેચો ફાસ્ટ સ્કરોીગ પીચ પર રમવામાં આવશે. ક્રિકેટ રસીકોને ઘેલું લગાડનાર આ ઈવેન્ટની યજમાની અમેરીકા અને વેસ્ટ ઈન્ડીઝ દ્વારા કરવામાં આવશે. ઝાકઝમાળ ભરેલી આ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટથી જાહેરાતની રૂા.૨,૦૦૦ કરોડની કમાણી થવાની ધારણા છે. જજે ગત વર્ષની સરખામણીમાં બે ગણી છે. વર્ષ ૨૦૨૨માં જાહેરાતના માધ્યમથી રૂ.૧,૦૦૦ કરોડની આવક થઈ હતી. ડીઝની સ્ટાર પાસે ટી-૨૦ વર્લ્ડ કપના ડીજીટલ અનો ટીવી બંનો રાઈટસ છે. ઓગષ્ટ ૨૦૨૨માં ડીઝની સ્ટારઅને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ આઈસીસી વચ્ચે લગભગ રૂ.૨૫,૦૦૦ કરોડની મીડીયા રાઈટસ ડીલ થઈ હતી. જે વર્ષ ૨૦૨૪થી ૨૦૨૭ સુધી માન્ય રહેશે.

ચાલુ વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપ માટે ડીઝની સ્ટારએ ગત સપ્તાહે ફ્રી સ્ટ્રીમીગ પહેલની ઘોષણા કરતાં વિજ્ઞાપનદાતાઓમાં જાહેરાત માટેના રસમાં વધારો જોવા મળ્યો છે. ગત વર્ષે યોજાયેલી ટુર્નામેન્ટમાં ઈગ્લેન્ડ પાકિસ્તાનને હરાવી ટી-૨૦ ક્રિકેટ વિશ્વ કપ વીજેતા બન્યું હતું. આ વર્ષે ૧૦ સ્થળો ખાતે ૫૫ ક્રિકેટ મેચ યોજાશે. ૨૦૨૨માં ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભાગલેનારી ટીમોની સંખ્યા ૧૬ હતી, જેની સામે આ વખતે કુલ ૨૦ ટીમો ભાગ લેશે. આ વિશ્વકપ એવા સમયે યોજાઈ રહયો છે. જયારે સમગ્ર વિશ્વમાં ક્રિકેટ જોનારાઓની સંખ્યામાં વધારો થયો છે.

## રોજ એક ચમચી લીમડાના પાનનો રસ પી લેશો તો નખમાં પણ રોગ નહીં રહે

વર્ષોથી લીમડાનો ઔષધી તરીકે ઉપયોગ કરવામાં આવે છે. લીમડાના પાનમાં ઔષધીય ગુણો હોય છે. લીમડો ડાયાબીટીસના દદીઓ માટે તો વરદાન સાબીત થાય છે. લીમડાના પાનમાં એન્ટી-ડાયાબીટીક ગુણ હોય છે. જે બ્લડ સુગર લેવલ કંટ્રોલ કરવામાં મદદ કરે છે. આ સિવાય લીમડામાં એવા તત્વ હોય છે. કે જે ત્વચાને ફાયદો કરે છે. ટૂંકમાં કહીએ તો માથાના વાળથી લઈને પગના સાંધા સુધી અનેક સમસ્યાઓને લીમડો દવા વિના મટાડી શકે યે. રોજ લીમડાના પાન ચાવીને ખાવાથી શરીર નિરોગી રહે છે. જજે લોકોને બ્લડ સુગર લેવલ વધારે રહેતું હોય તેઓ લીમડાના પાનનો રસ પીવે કે લીમડાના પાન ચાવીને ખાય તો બ્લડ સુગર કંટ્રોલમાં રહે છે. લીમડાનું સેવન કરવાથી શરીરને ઈન્સ્યુલીન સેન્સિટીવીટી સુધરે છે. લીમડાનું સેવન કરવાથી શરીરમાં સોજા દૂર થાય છે. અને સાંધાનો દુખાવો મટે છે. લીમડો શરીરની રોગપ્રતિકારક ક્ષમતા વધારે છે. લીમડાના રસનું સેવન કરવાથી ત્વચા પર નિખાર આવે છે. અને વાળ પણ મજબુત અને ચમકદાર બને છે. આ બધા ફાયદો માટે અને શરીરને નીરોગી રાખવા માટે લીમડાના પાનનો રસ રોજ પીવો જોઈએ. લીમડાના થોડા પાન લઈ તેનો રસ બનાવીને પી લેવાથી શરીર નિરોગી રહે છે. શરીરની નાની-મોટી તકલીફો દવા વિના જ મટી જાય છે. લીમડાના પાનનો રસ ન બનાવવો હોયય તો તેના ૮-૧૦ પાન લઈ તેને બરાબર રીતે પાણીમાં સાફ કરી એક ગ્લાસ પાણીમાં ઉકાળીને તે પાણી પણ તમે પી શકો છો.

# ૨૭ સપ્તાહની પ્રેગ્નન્સીનો અંત ના લાવી શકાયઃ સુપ્રીમ કોર્ટ

**ભ્રૂણને જીવવાનો અધિકાર હોવાનું અવલોકન કરતા અપરિણીત યુવતિની અરજીને સર્વોચ્ચ અદાલત દ્વારા ફગાવી દેવાઈ**

(એજન્સી)નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે ૨૦ વર્ષની એક અઅપરણીત યુવતીએ તેની ૨૭ અઠવાડીયાની પ્રેગ્નન્સીનો અંત લાવવા માટે કરેલી અરજી ફગાવતાં બુધવારે ઠરાવ્યું હતું કે તેની કૂખમાં જે ભ્રૂણ વિકસી રહયું છે. તે જીવતા રહેવાનો બંધારણીય અધિકાર ધરાવે છે. પ્રેગ્નન્સીનો અંત લાવવાનો ઈનકાર કરતા દિલ્હી હાઈકોર્ટના ગત ત્રીજી મેના હુકમને પડકારતી યુવતીની અરજી મામલે સુનાવણી દરમ્યાન સુપ્રીમ કોર્ટના જસ્ટીસ બી. આર.ગવઈના વડપણ હેઠળની બેન્ચે આ આદેશ કર્યો હતો.

જસ્ટીસ એસ.વી.એન. ભટ્ટી અને જસ્ટીસ સંદીપ મહેતાને પણ સમાવતી બેન્ચે યુવતીના વકીલને સ્પષ્ટ શબ્દોમા કહયું કે અમે કાયદા વિરૂધ્ધનો કોઈ આદેશ ના આપી શકીએ. કુખમાં ઉછરી રહેલા બાળકને પણ જીવવાનો અધિકાર છે. આ તબકકે યુવતીના વકીલે જણાવ્યું હતું કે મેડીકલ ટર્મીનેશન ઓફ પ્રેગ્નન્સી એમટીપી એકટમાં માત્ર માતા વિશે જણાવાયું છે. બેન્ચે નોધ્યું હતું કે અરજદાર યુવતીની ગર્ભાવસથાનો લગભગ સાતેક મહીના જેટલો ગાળો વીતી ચુકયો છે. બાળકના જીવવાના અધિકારનું શું ? તેના જવાબમાં યુવતીના વકીલનું કહેવું હતું કે ગર્ભ હજુ કુખમાં છે. અનો બાળકનો જન્મ થાય ત્યાં સુધી તે માતાનો અધિકાર છે. હાલના તબકકે અરજદાર ગંભીર આઘાતજનક સ્થિતીમાં છે. તે જાહેરમાં નીકળી પણ શકતી નથી. તેના નીટ એકઝામના કલાસીસ ચાલી રહયા છે. તે આ તબકકે સમાજનો સામનો કરી શકતી નથી. તેની માનસીક અનો શારીરિક સુખાકારી ધ્યાનમાં લેવી જોઈએ.

# ડીઝલથી બનેલા પરાઠાનો વિડીયો વાયરલઃકેન્સરનો નવો નુસખોઃ યુઝર્સ

**આ વીડીયોને ૪ લાખથી વધુ વખત જોવાયોઃ ૧૧૦૦ લોકોએ લાઈક કર્યો**

(એજન્સી)નવીદિલ્હી,
ભારતીયયો દ્વારા પસંદ કરવામાં આવતી સૌથી સામાન્ય અને સ્વાદીષ્ટ ખાધ વસ્તુઓમાંની એક છે. પરાઠા, સામાન્ય રીતે પરાઠાને થી માખણ અથવા તેલમાં તળવામાં આવે છે. પરંતુ વાયરલ વીડીયોમાં તેને ડીઝલથી તળતા જઈ શકાય છે. લોકો કહે છે.કે આ કેન્સરની રેસીપી છે. નેબ્યુલા વર્લ્ડ નામના નેટીઝન દ્વારા સોશીયયલ મીડીયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરવામાં આવેલ તાજેતરની વીડીયો પરાઠા તળવા માટે ડીઝલનો ઉપયોગ કરનાર રસોઈયાને બતાવે છે. તેઓએ લખ્યું કેન્સર માટેની વાસ્તવિક રેસીપી પેટ્રોલ અને ડીઝલ સાથે પરાઠા આપણે કયાં જઈ રહયા છીએ આ વીડીયો ચંદીગઢના હોવાનું કહેવાય છે. આ વીડીયોને સોમવાર રાત સુધી ચાર લાખથી વધુ વખત જોવામાં આવ્યો હતો. અને લગભગ ૧૧૦૦ લોકોએ તેને પસંદ કર્યો હતો. વીડીયોમાં ચશમા પહેરેલ રસોઈયયા પરાઠા પર ડીઝલ રેડીને તેને રાંધતો જોવા મળે છે. વીડીયો બનાવનાર વ્યકિત દાવો કરી રહયો છે. કે તેના ગ્રાહકો ડીઝલથી બનેલા પરાઠા આનંદથી ખાયય છે. તેનો સ્વાદ કચોરી જેવો છે. આ વીડીયોને વ્યુઝ મળી રહયો છે. અને વાયરલ થઈ રહયો છે. ત્યારે કેટલાક યુઝર્સે આ પ્રયોગને કેન્સરની રેસીપી ગણાવી છે. સોશીયલ મીડીયા પર કેટલાક યુઝર્સે પણ આ અંગે પોતાનો ગુસ્સો વ્યકત કર્યો હતો. એક રસોઈયયાનો ઉલ્લેખ કરીનો લખ્યું.,તે ટુંક સમયમાં ફરારી ખરીદશે અને તેનો કલાયન્ટ કેન્સરની સારવાર માટે ચુકવણી કરવા ટુંક સમયમાં તેનું ઘર અને કાર વેચશે. એક યુઝર લખ્યું કઈ રીતે ડીઝલ નથી આ તો તેલ છે.

આ પહેલીવાર નથી જયારે આવા વીડીયો લોકોનું ધ્યાન ખેચ્યું હોય. આ પહેલા પણ ઘણા વીડીયો વાયરલ થયા છે. ખાધપદાર્થો વેચતા દુકાનદારો સોશીયલ મીડીયા પર લોકપ્રીય થવા માટે ઘણી રીતો અજમાવતા હોય છે. અન્ય એક વીડીયો પણ વાયરલ થયો હતો જેમાં એક વ્યકિતએ કપડા સીધા કરવા માટે પ્રેશર કુકરનો ઉપયોગ કર્યો હતો. તેને સોશીયલ મીડીયા પર મોટા પ્રમાણમાં શેર કરવામાં આવ્યો હતો.

**સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ સરકારની ઝાટકણી કાઢી**

# જંગલમાં લાગેલી આગ અંગે ઉત્તરાખંડ સરકાર પાસે સ્પષ્ટતા માંગી

(એજન્સી)નવી દિલ્હી,
ઉત્તરાખંડના જંગલમાં લાગેલી આગઃ સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ સરકાર પાસેથી પણ સ્પષ્ટતા માંગી છે કે શા માટે કેન્દ્રીય ભંડોળનો ઉપયોગ આગને કાબૂમાં કરવા માટે કરવામાં આવ્યો નથી.

સુપ્રીમ કોર્ટે બુધવારે ઉત્તરાખંડના મુખ્ય સચિવને ૧૭ મેના રોજ આગને કાબૂમાં લેવા માટે ઉત્તરાખંડ સરકાર દ્વારા દર્શાવવામાં આવેલા 'લાકડેસીકલ' અભિગમને લઈને તેની સમક્ષ હાજર થવા માટે સમન્સ પાઠવ્યું હતું.દ્વઢ્ઢઈહ્લના જવાનો મંગળવાર, ૧૪ મે, ૨૦૨૪ ના રોજ પૌરી ગઢવાલ જિલ્લાના જંગલમાં લાગેલી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો છે કે કોઈપણ રાજ્ય વન અધિકારીઓ અથવા વન વિભાગના વાહનોને ચૂંટણી ફરજ માટે તૈનાત કરશે નહીં.

સુપ્રીમ કોર્ટે એ પણ સમજૂતી માંગી છે કે શા માટે કેન્દ્રના ભંડોળનો ઉપયોગ આગને કાબૂમાં કરવા માટે કરવામાં આવ્યો ન હતો કારણ કે ગયા વર્ષે કેન્દ્ર દ્વારા વિતરિત કરાયેલા ?૯ કરોડમાંથી માત્ર ?૩.૧૪ કરોડ જ જંગલની આગને રોકવા માટે ખર્ચવામાં આવ્યા હતા.મુખ્ય સચિવને પણ વન વિભાગમાં મોટી ખાલી જગ્યાઓ, અગ્નિશામક સાધનોનો અભાવ અને ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી ચોક્કસ છૂટ છતાં વન અધિકારીઓની તૈનાતી અંગે સમજાવવા માટે કહેવામાં આવ્યું છે.
આ પણ વાંચોઃ 'વરસાદના દેવ' પર આધાર રાખવો કોઈ ઉકેલ નથીઃ જીઝ થી ઉત્તરાખંડ જસ્ટિસ બી.આર. ગવઈની આગેવાની હેઠળની અને ન્યાયમૂર્તિ એસવીએન ભાટી અને સંદીપ મહેતાની બનેલી બેન્ચે અવલોકન કર્યું હતું કે બહુવિધ એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યા હોવા છતાં, તેના અમલીકરણ માટે કોઈ પગલાં લેવામાં આવતા નથી.

ટોચની અદાલતનું કડક વલણ જંગલની આગને પગલે આવ્યું છે. આ ઉનાળામાં પહાડી રાજ્યમાં ફટકો પડ્યો છે. ૯ મેના રોજ, વન દળના વડા ધનંજય મોહને જણાવ્યું હતું કે જંગલમાં લાગેલી આગને કારણે પાંચ લોકોએ જીવ ગુમાવ્યો હતો જયારે ૧,૩૦૦ હેકટર જમીનને અસર થઈ હતી."જંગલમાં લાગેલી આગની સ્થિતિ હાલમાં કાબૂમાં છે. વન વિભાગના કર્મચારીઓ અકસ્માત સ્થળે સમયસર પહોંચી રહ્યા છે. અત્યાર સુધીમાં જંગલમાં લાગેલી આગના ૩૮૮ કેસ નોંધાયા છે અને ૬૦ કેસના નામ આપવામાં આવ્યા છે," મોહને ન્યૂઝ એજન્સી છદ્ગૈંને જણાવ્યું હતું. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ ગયા અઠવાડિયે પીરુલ લાઓ-પૈસે પાઓ મિશનની શરૂઆત કરી હતી.

આ ઝુંબેશ હેઠળ, જંગલમાં લાગેલી આગને રોકવા માટે, જંગલમાં પડેલા પીરુલ (પાઈન ટ્રીના પાંદડા)ને સ્થાનિક ગ્રામજનો અને યુવાનો દ્વારા એકત્રિત કરવામાં આવશે, તેનું વજન કરવામાં આવશે અને પછી નિયુક્ત પીરુલ કલેકશન સેન્ટરમાં સંગ્રહ કરવામાં આવશે.

બુધવારે, મુખ્ય પ્રધાને ઠ પર જણાવ્યું હતું કે, ×જંગલમાં આગ લાગવાનું મુખ્ય કારણ પીરુલ છે. તેના નિકાલ માટે, અમે સામાન્ય લોકો સાથે મળીને એક અભિયાન ચલાવી રહ્યા છીએ. 'પીરુલ લાઓ, પૈસા પાઓ' અભિયાન હેઠળ, એક વિશાળ સંખ્યાબંધ લોકો પીરુલને એકત્ર કરીને સરકારને ?૫૦ પ્રતિ કિલોના દરે વેચી રહ્યા છે.×

# સુરતમાં દિવાળી પહેલાં ધમધમતો થશે ડાયમંડ બુર્સ!

(એજન્સી)સુરત,
સુરતમાં બનાવવામાં આવેલ ડાયમંડ બુર્સ દુનિયાની સૌથી મોટી ઓફિસો પૈકીનો એક છે. અહીં જે રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવામાં આવ્યું છે તે ખરેખર આર્ટિટેકનો એક બેનમૂન નમૂનો છે. ત્યારે આ બિલ્ડિંગને લઈને આવી રહ્યાં છે એક ગુડ ન્યૂઝ. ખુબ જલ્દી જ આ બિલ્ડિંગ હવે વેપારી, કર્મચારીઓથી ધમધમતી ઓફિસ બની જશે. ખુબ જલ્દી જ અહીં તમને હજારો લોકોને જમાવડો જોવા મળશે.

જીહાં, સુરત ડાયમંડ બુર્સ હવે વિકાસની નવી ઉડાન ભરવા માટે તૈયાર છે. બિલ્ડિંગના તમામ ફલોર લગભગ એકદમ રેડી છે. એટલું જ નહીં બુર્સમાં ઓફિસો માટે પણ એન્ડવાન્સ બુકિંગ થઈ ચુક્યા છે. જેને કારણે ધીરે ધીરે વેપારીઓ અને ઉદ્યોગકારો પોતપોતાની ઓફિસનું સેટઅપ લગાવી રહ્યાં છે.

ત્યારે ડાયમંડ બુર્સને લઈને આવી છે એક મોટી ખબર. સુરત ડાયમંડ બુર્સ દિવાળી પહેલા ધમધમતો કરવા કવાયત હાથ ધરી દેવામાં આવી છે. નવી સરકારની રચના બાદ સુરતના ડાયમંડ બુર્સની ચમકમાં પણ વધારો થશે. દિવાળી પહેલા એક હજાર ઓફિસ કાર્યરત કરાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત હાલ આગામી ૭ જુલાઈએ એકસાથે ૪૦૦થી વધુ ઓફિસ ચાલુ કરવાનો નિર્ણય લેવાયો છે. જેના માટે કવાયત હાથ ધરી દેવામાં આવી છે.

વધુમાં વધુ ઓફિસ ચાલુ થાય તે માટે બેઠક કરવામાં આવી છે. જેમાં ઓફિસ ચાલુ થયા પછી કઈ રીતે તેને મેઈનટેન રાખવી તેના માટે પણ મહત્ત્વની બાબતે અંગે ચર્ચા કરવામાં આવી છે.

મહત્વનું છે કે, ગયા વર્ષે પીએમ મોદીએ ડાયમંડ બુર્સનું ઉદ્ઘાટન કર્યુ હતું. જે બાદ અહીં કેટલીક ઓફિસ શરૂ કરવામાં આવી હતી. જે અસુવિધા પડતા બંધ કરવામાં આવી છે. થઈ રહ્યો છે.

**દહેજના મામલે અલ્હાબાદ હાઈકોર્ટનું સુચન**

# લગ્નમાં મળેલી ભેટોની યાદી જરૂર બનાવો અને તેની પર વર-કન્યાની સહી કરાવો

(એજન્સી)અલ્હાબાદ,
અલ્હાબાદ હાઈકોર્ટે એક કેસની સુનાવણીમાં કહયું કે લગ્નમાં મળેલી ભેટોની યાદી જરૂરથી બનાવી જોઈએ અને તેની પર વર અને કન્યા બંનેની સહી કરાવી જરૂરી છે. જેથી લગ્ન પછી સર્જાતા વિવાદમાં મદદ મળી રહે.

કોર્ટે દહેજ પરના પ્રતીબંધને અનુલક્ષીને કાયદાનો ઉલ્લેખ કરતાં કહયું હતું કે કાયદા મુજબ વર-કન્યાને મળેલી ભેટની યાદી બનાવવી જોઈએ. જસ્ટીસ વિક્રમ ડી. ચૌહાણની બેન્ચે પુછયું કે દહેજની માંગના આરોપો લગાવનારા લોકો પોતાની અરજી સાથે આવી યાદી કેમ નથી બનાવતા ? દહેજ નિષેધ અધિનીયમને તેની સંપૂર્ણ ભાવનાથી અનુસરવામાં આવે તે જરૂરી છે. આ સિવાય હાઈકોર્ટે કહયું કે આ નિયમ દહેજ અને ભેટ વચ્ચેનો તફાવત સમજાવે છે. લગ્ન દરમ્યાન વર કે કન્યાને મળેલી ભેટનો દહેજમાં સમાવી શકાય નહીં. તેમજ સ્થળ પર જ મળેલી તમામ ભેટોની યાદી બનાવવી જોઈએ અને તેના પર વર અને કન્યા બંનેની સહી હોવી જોઈએ. જેનાથી ભવીષ્યમાં બિનજરૂરી આરોપોને અટકાવી શકાય છે. હાઈકોર્ટે બાર અને બેચના અહેવાલ અનુસાર કહયું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા દહેજ પ્રતીબંધ કાયદો, ૧૯૮૫ એ ભાવનાથી બનાવવામાં આવ્યો હતો કે ભારતમાં લગ્નમાં ભેટ આપવાનો રીવાજ છે. ભારતની પરંપરાને ધ્યાનમાં રાખીને ભેટ અલગ રાખવામાં આવી છે. આ જ કારણ છે કે જયારે યાદી બનાવવામાં આવશે તો બિનજરૂરી આરોપોથી બચી શકાશે.

**ટેલીકોમ કંપનીઓના એઆરપીયુમાં ૧૬ ટકાનો વધારો થશે**

# ચુંટણી બાદ કરોડો મોબાઈલ યુઝર્સને આંચકો લાગશેઃ બિલમાં ૨૫ ટકાનો તોળાતો વધારો

**ટેલીકોમ કંપનીઓ ફરી નફો વધારવાના મૂડમાંઃ તાજેતરના વર્ષોમાં ટેરીફ વધારાનો ચોથો રાઉન્ડ**

(એજન્સી)અમદાવાદ,
વધતી મોંઘવારી વચ્ચે લોકોને હવે ભાવ વધારાના વધુ એક ડામનો સામનો કરવો પડી શકે છે. ગઈકાલે જ ફુગાવાના દરો જાહેર થયા હતા. જેમાં રીટેલ ફુગાવો માર્ચના ૪.૮૫ ટકાની સરખામણીમાં નજીવો ઘટી ૪.૮૩ ટકા થયો હતો. પણ ખાધ ફુગાવો માર્ચના ૭,૬૮ ટકાની સરખામણીમાં એપ્રિલમાંથી વધી ૭.૮૭ ટકા થયો હતો. ત્યારે લોકોના ખીસ્સા હળવા કરી શકે તેવી વધુ એક માહિતી બહાર આવી છે. દેશમાં હાલ જારી લોકસભાની ચુંટણી પુર્ણ થયા બાદ તમારા મોબાઈલ ફોનના બીલમાં ૨૫ ટકાનો વધારો થઈ શકે છે. દેશમાં સાત તબકકામાં મતદાન યોજાઈ રહયું છે. પહેલી જુને અંતિમ તબકકાનું મતદાન છે. ચોથી જુને પરીણામની જાહેરાત થશે. તાજેતરમાં વર્ષોમાં ચોથી વખત એવું બનવા જઈ રહયું છે. કે ટેલીકોમ કંપનીઓ દ્વારા નફો વધારવા ટેરીફના દરો વધારવામાં આવશે.

નિષ્ણાંતોના જણાવ્યા મુજબ ટેલીકોમ કંપનીઓ દ્વારા ૨૫ ટકાના અર્થપુર્ણ ટેરીફ વધારાની શકયતા છે. જેથી સ્પર્ધાનું યોગ્ય વાતાવરણ જળવાઈ શકે. ઉપરાંત ફાઈવજીમાં ભારે રોકાણ બાદ અને સરકારરના સતત સમર્થનને કારણે હવે ટેલીકોમ કંપનીઓની જરૂરીયાત છે કે, નફામાં સુધારો કરે, વધારાનો આ દર મોટો હોઈ શકે છે, પણ તે ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારમાં વપરાશકર્તાઓને પોષાય તેવો હોવો જોઈીએ. ખાસ કરીને ત્યારે જયારે ડેટાનો વપરાશ વધુ છે. ૨૫ ટકાના વધારા સાથે શહેરી વિસ્તારના યુઝર પરીવારોના કુલ ટેલીકોમ ખર્ચ ૩.૨ ટકાથી વધીને ૩.૬ ટકા થશે જયારે ગ્રામીણ વિસ્તારના યુઝર્સ માટે આ ખર્ચ ૫.૨ ટકાથી વધી ૫.૯ ટકા થશે.

મુખ્ય દરોમાં ૨૫ ટકાના વધારાથી ટેલીકોમ ઓપરેટર્સ કંપનીઓ માટે એવરેજ રેવન્યુ પર યુઝર એઆરપીયુમાં ૧૬ ટકાનો વધારો થશે. આ વધારાથી ભારતી એરટેલના એઆરપીયુમાં રૂ.૨૯ અને જીયોના એઆરપીયુમાં રૂ.૨૬ નો વધારો થવાનો અંદાજ છે.

# ૬ જૂને કુવૈત સામે થનારા ફીફા વર્લ્ડ કપ બાદ સુનીલ છેત્રી નિવૃત્તિ લેશે

(એજન્સી)નવી દિલ્હી,
ભારતીય સ્ટાર ફુટબોલર સુનીલ છેત્રીએ આંતરરાષ્ટ્રીય ફુટબોલથી સંન્યાસ લેવાના પોતાના નિર્ણયની જાહેરાત કરી છે. ભારતીય ફૂટબોલ આઈકોન સુનીલ છેત્રીએ ગુરુવારે ૬ જૂને કોલકાતામાં કુવૈત સામેની ફિફા વર્લ્ડ કપ ક્વોલિફાઈંગ મેચ બાદ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય જાહેર કર્યો, જેનાથી બે દાયકાની શાનદાર કારકિર્દી પર પડદો પડશે. લાંબા સમયથી સેવા આપતા રાષ્ટ્રીય ટીમના કેપ્ટને તેની જાહેરાત કરી. તેણે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પોસ્ટ કરેલા એક વીડિયો દ્વારા નિર્ણય લીધો. ભારત હાલમાં ગ્રુપ છમાં ચાર પોઈન્ટ સાથે બીજા ક્રમે છે, જે લીડર કતારથી પાછળ છે.

૩૯ વર્ષીય આ ભારતીય ફુટબોલરે ૧૨ જૂન ૨૦૦૫એ પાકિસ્તાન સામે આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ કર્યું અને આ મેચમાં ભારત માટે પોતાનો ગોલ પણ દાગ્યો હતો. સુનીલ છેત્રીએ ૨૦ વર્ષના કરિયરમાં ભારત માટે ૧૪૫ મેચ રમી છે જેમાં તેમણે ૯૩ ગોલ કર્યા છે. છેત્રીએ માર્ચમાં ભારત માટે તેનો ૧૫૦મો દેખાવ કર્યો હતો અને ગુવાહાટીમાં અફઘાનિસ્તાન સામે આ પ્રસંગે ગોલ કર્યો હતો. જો કે ભારત તે મેચ ૧-૨થી હારી ગયું હતું. કુવૈત સામેની મેચ તેની છેલ્લી છે,છેત્રીએ નિવૃત્તિના નિર્ણયની જાહેરાત કરતી વખતે કહ્યું હતું . સુનીલ છેત્રી ભારતના ઓલ ટાઈમ હાઈ સ્કોરર અને સૌથી વધુ કેપ્ડ ખેલાડી તરીકે ઈન્ટરનેશનલ ફુટબોલને અલવિદા કહેશે. તે એક્ટિવ ખેલાડીઓમાં સૌથી વધુ ગોલ કરવાના મામલે લીજેન્ડ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લિયોનેલ મેસ્સી બાદ ત્રીજા સ્થાને છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એ સુનીલ છેત્રીના આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાના નિર્ણય વિશે ટ્વિટ કર્યું છે. બોર્ડે લખ્યું, 'તમારી કારકિર્દી અસાધારણથી ઓછી રહી નથી અને તમે ભારતીય ફૂટબોલ અને ભારતીય રમતો માટે અસાધારણ આઈકોન છો.' છેત્રીએ નિવૃત્તિની જાહેરાત કરતા પોતાના ડેબ્યૂથી લઈને સમગ્ર કરિયરને યાદ કર્યુ. તે આ દરમિયાન ખૂબ ઈમોશનલ પણ જોવા મળ્યો. ૯ મિનિટનો આ વીડિયો ભારતીય કેપ્ટને એ લખીને પોસ્ટ કર્યો કે હું તમને કંઈક કહેવા માગુ છુ....અને ત્યારબાદ કરી નિવૃત્તિની જાહેરાત.

ભારતીય કેપ્ટને પોતાના કરિયરમાં કુલ ૬ વખત એઆઈએફએફ પ્લેયર ઓફ ધ યર પુરસ્કાર જીત્યો. આ સિવાય ૨૦૧૧માં અર્જુન પુરસ્કાર અને ૨૦૧૯માં પદ્મ શ્રી પુરસ્કારથી તેને સન્માનિત કરવામાં આવ્યો. આંતરરાષ્ટ્રીય મંચ પર, છેત્રી એએફસીમાં ખિતાબ જીતનારી ભારતીય ટીમનો ભાગ રહ્યો છે.

## આપની આજ

શુક્રવાર
તા.૧૭-૫-૨૦૨૪



**મેષઃ-** આપની માનસીકતા પૂર્ણ રીતે હકારાત્મક અને ઉચ્ચ કક્ષાએ કામ કરવાની છે. આપના કાર્યોમાં અદભુત પરિણામો આપવાની ક્ષમતા વધવાની છે.

**વૃષભઃ-** આજનો દિવસ કેવળ ખર્ચનો જ દિવસ છે તન મન અને ધન સાથે સમયની પણ બરબાદી થાય તેવા યોગ છે.

**મીથુનઃ-** આજે નોકરીયાત વ્યક્તિઓએ અગત્યના કામોમાં ખૂબજ ચીવટ રાખવી જરૂરી છે ખોટી મમતથી દૂર રહેશો.

**કર્કઃ-** આપના કામકાજના સ્થળે સાવધાની રાખવી જરૂરી છે નુકશાન થાય તેવા યોગ છે.

**સિંહઃ-** આજરોજ મેળા, મેળાવડા, જાહેર કાર્યક્રમો તેમજ લોક પરંપરાના કામોમાં સફળતા મળશે.

**કન્યાઃ-** ઋતુજન્ય ફેરફારના કારણે આપને શારીરિક અસ્વસ્થતા અનુભવ થશે. આરોગ્યના પ્રશ્નો ઉભા થવાના છે.

**તુલાઃ-** આજે આપને વિજાતીય વ્યક્તિઓના આકર્ષણથી બચશો કામકાજના સ્થળે મિત્રો સાથે ગેરસમજ થવાના પ્રબળ યોગ બની રહયા છે.

**વૃશ્ચિકઃ-** આજરોજ આપને પાલતુ જાનવર તેમજ રખડતા જાનવરોથી સાચવવું. ભાડુઆત તેમજ નોકરોથી લાભ થાય.

**ધન :** સંતાનોના કારણે આપની ચિંતાઓ વધવાની છે. શેરબજાર, સટ્ટો, જુગાર જેવા કામોમાં નુકશાન થવાના યોગ છે.

**મકરઃ-** આજરોજ આપના વાહનોના મરામત પાછળ નાણા અને સમય ખર્ચ થશે આજનો દિવસ ખૂબજ અજંપાવાળો પસાર થશે.

**કુંભઃ-** આજરોજ આપના ભાઈ ભાંડુ તેમજ પડોશીઓ સાથેના સંબંધો સુધરશે. દૈનીક આવકમાં વધારો થાય.

**મીનઃ-** આજરોજ આપના કામકાજમાં ગતિ આવશે આપનું કામ આપને પ્રગતીના પંથે લઈ જશે શુભ દિવસ.

**એજન્ટો/ પત્રકારો નિમવાના છે**

વેસ્ટર્ન ટાઈમ્સ દૈનિક માટે
**ઉત્તર ગુજરાતઃ** સીધ્ધપુર/ પાટણ / મહેસાણા/ હારીજ/ સમી વગેરે.
**મધ્ય ગુજરાતઃ** વડોદરા / આણંદ / ખેડા /દાહોદ/ વગેરે
**સૌરાષ્ટ્રઃ** જામનગર/ રાજકોટ / મોરબી/ ભાવનગર/ સુરેન્દ્રનગર/ વિરમગામ વગેરે.
**દક્ષિણ ગુજરાતઃ** સુરત / વાપી / બિલીમોરા /નવસારી વગેરે

**ઉપરોક્ત ગામો/ શહેરો તેમજ અન્ય ગુજરાતમાં આવેલા ગામો/ શહેરોમાં પ્રતિનિધી/ એજન્સી નિમવાની છે.**

વિતરણ/ સમાચારો / જાહેરાત વગેરેનું કામકાજ કરી શકે તેવા ઉત્સાહી માણસો જોઈએ છે. રસ ધરાવતાં એજન્ટો/ પત્રકારો પોતાના બાયોડેટા સાથે લખી અમદાવાદ ઓફિસે મોકલાવે :
**મેનેજર, વેસ્ટર્ન ટાઈમ્સ પબ્લીકેશન્સ પ્રા.લી.**
૩૦૧, ગાલા આર્ગોસ, હરિકૃપા ટાવર્સની પાછળ, કલગી ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

# દક્ષિણ ગુજરાત



સંઘ પ્રદેશ, દા.ન.હ., દમણ-દીવ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ જીલ્લાના સમાચારો

## જંબુસર એસટી ડેપો ખાતે આવેલ શૌચાલયમાં પાણીનો ખુલ્લેઆમ વેડફાટ

**(પ્રતિનિધિ) ભરૂચ,**
જંબુસર એસટી ડેપો ખાતે આવેલ શૌચાલયમાં પાણીના ખુલ્લેઆમ વેડફાટથી મુસાફરમાં એસ.ટી.વિભાગ સામે રોષ ફાટી નીકળ્યો છે.

ભરૂચ જીલ્લાના જંબુસર એસટી ડેપો ખાતે થી દૈનિક હજારો મુસાફરો અવર જવર કરતા હોય છે.જેમાં વડોદરા, ભરૂચ અને કાવીના મુખ્ય બસ રૂટ થકી મુસાફરો જંબુસર એસ.ટી ડેપો ખાતે પધારતા હોય છે.ત્યારે મુસાફરોની સુવિધા માટે બનાવાયેલ શૌચાલયમાં પાણીના નળ ખુલ્લા રાખી પાણીનો બગાડ કરવામાં આવતો હોવાની ઘટના સામે આવી છે.એક તરફ કાળઝાળ ગરમીમાં કેટલીય જગ્યાએ લોકો પાણી માટે વલખા મારી રહ્યા છે તો બીજી તરફ જંબુસર એસ.ટી ડેપોમાં એસ.ટી વિભાગની બેદરકારીને કારણે પાણીનો ખુલ્લેઆમ વેડફાટ થઈ રહ્યા હોવાની ઘટના સામે આવી હતી.એસ.ટી તંત્ર ના લોલમપોલ વહીવટને પગલે મુસાફરોની હાલત પાડાના વાંકે પખાલીને ડાંમ જેવી થવા પામી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે જંબુસર એસ.ટી ડેપોનું શૌચાલય રામ ભરોષે ચાલતું હોય તેમ લાગી રહ્યુ છે.પે એન્ડ યુઝનો કોન્ટ્રાક્ટ પૂરો થતા જ જબુંસર એસટી ડેપોનું શૌચાલય સુલભને બદલે દુર્લભ સાબિત થઈ રહ્યું છે.

### ભરૂચના શક્તિનાથ વિસ્તારમાં

## ઝઘડો કરતા બે વ્યક્તિની વચ્ચે પડેલી વ્યક્તિને ધારીયાના ઘા ઝીંકી દેતા ઈજાગ્રસ્ત

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચના દાંડિયા બજારમાં રહેતા યુવકે શકિતનાથ નજીક અજાણ્યા યુવકસ સાથે ઝઘડો થતા તેમને છોડાવવા પડેલાને ધારિયાના ઉપરા છાપરી માથા તથા મોઢાના ભાગે ઘા ઝીંકી દેતા ગંભીર અવસ્થામાં સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.ત્યાર બાદ વધુ સારવાર અર્થે વડોદરા હોસ્પિટલ ખસેડવામાં આવતા પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા સિવિલ હોસ્પિટલમાં દાખલ ઈજાગ્રસ્ત રાજકુમાર ચૌહાણે ફરિયાદ નોંધાવી છે જેમાં તેને આક્ષેપ કર્યો છે કે તારીખ ૧૪ મી મે ના સવારના ૧૧ વાગ્યાના અરસામાં ઘરેથી નીકળ્યો હતો અને સાંજના ૭ વાગ્યાના અરસામાં બીજા દિવસની મજૂરી કામ અર્થે શક્તિનાથ સર્કલ પાસે જતો હતો.ત્યારે ચાલતા ચાલતા શક્તિનાથ રેલ્વે ગરનાળાના પાણીની ટાંકી પાસે આવતા મારો ઓળખીતો સુનિલ જયંતિ વસાવા રહેવાસી દાંડિયા બજાર તથા તેની સાથે રહેતી સુકલીબેન ત્યાં હાજર હતા અને સુનિલ વસાવા એક અજાણ્યા ઈસમને ઢીકા પાટુનો માર મારી રહ્યો હતોજેથી આ અજણયા ઈસમને છોડાવવા રાજકુમાર ચૌહાણ વચ્ચે પડતા સુનિલ જ્યંતિ વસાવાએ નજીકમાં પડેલું ધારીયું લઈ આવી મને કહેવા લાગેલ કે તું શા માટે અમારા ઝઘડામાં વચ્ચે પડે છે? તેમ કહી મને મા બેન સમાણી ગાળો બોલી સુનિલ વસાવાએ રાજ ચૌહાણને માથાના અને મોઢાના ભાગે પાંચ થી છ ઘા ધારિયાના ઝીંકી દીધા હતા જેના પગલે તે સ્થળ ઉપર ઢળી પડતા તેને સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે વડોદરામાં ખસેડવામાં આવતા ત્યાં પણ તેની હાલત નાજુક હોવાનું સામે આવતા પોલીસે જીવલેણ હુમલો કરનાર સુનિલ જયંતિ વસાવા સામે ૩૨૬,૫૦૪ મુજબ ગુનો દાખલ કરી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# ટ્રેનમાં મુસાફરોના મોબાઈલ ચોરતી ગેંગ ઝડપાઈ

### ગેંગના ૩ સભ્યોને ઝડપી પાડી પોણા ત્રણ લાખના ૧૭ મોબાઈલ કબ્જે કરી કાર્યવાહી હાથધરી



(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ટ્રેનમાં ચોરીની ઘટનાઓ વધતા ભરૂચ રેલ્વે પોલીસ અને આરપીએફ પોલીસે સંયુક્ત ટીમ બનાવી નબીપુર - પાલેજથી ત્રણ રીઢા ચોરને ઝડપી પાડી ત્રણેયની પુછતાજમાં તેઓએ ટ્રેન માંથી ૧૭ મોબાઈલની ચોરી કરી હોવાની કબૂલાત કરતા પોલીસે તેમની પાસેથી ૨.૭૧ લાખના ૧૭ મોબાઈલ રીકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી રેલ્વે ટ્રેન તેમજ પ્લેટફોર્મ પર મોબાઈલ ચોરીના વધતા બનાવોને ધ્યાનમાં રાખી ભરૂચ રેલ્વે પોલીસ અને આરપીએફ પોલીસ સાથે વડોદરા પોલીસની ટીમ ટેક્નિકલ સર્વેલન્સ સાથે હ્યુમન ઈન્ટેલિજન્સની ટીમ એકિટવ કરી હતી.જેમાં રેલ્વે ભરૂચ પોલીસ મથકના પીએસઆઈ જે.બી.મીઠાપરા અને આર.પી.એફ ભરૂચના સ્ટાફ સાથે અલગ અલગ ટીમો બનાવી નબીપુર - પાલેજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.તે સમય દરમ્યાન માહિતીના આધારે મૃત્યુંજય સુનીલ રામ નગીના ચૌધરી, રોહિત પ્રદિપભાઈ પાસવાન અને જગદીશ ભુરાભાઈ સોની નબીપુર નહેર પાસેથી ઝડપી પાડયા હતા.ઝડપાયેલા ત્રણેય આરોપીઓને પોલીસ મથક લાવી કડક પુછપરછ કરતાં તેઓએ ૧૭ જેટલા મોબાઈલની ચોરી કરી હોવાની કબૂલાત કરતા પોલીસે તેમની પાસેથી અલગ અલગ કંપનીના કુલ ૧૭ મોબાઈલ ફોન કબ્જે કરી ૨.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ બાબતે વધુ પુછતાજ કરતા તેઓએ જણાવ્યું હતું કે આ મોબાઈલ તેઓએ યુપીના તેમના મિત્ર નિયમસિંગ સાથે અલગ ટ્રેનો અને પ્લેટફોર્મ પરથી ચોરી કર્યા હોવાની કબૂલાત કરતા ભરૂચ રેલ્વે પોલીસે ત્રણેય વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથધરી નિયમસીંગને વોન્ટેડ જાહેર કર્યો હતો.

## સુરત કામરેજના વલથાણમાં તલાટી ૪૦ હજારની લાંચ લેતાં ઝડપાયો

**સુરત,**
કામરેજના વલથાણમાં તલાટી કમ મંત્રીએ વીજ કનેકશન અપાવી દેવા માટે રૂા.૪૦ હજારની લાંચ માંગી હતી. તલાટી ભરતભાઈ વાળાએ રૂા.૪૦ હજારની લાંચ માંગી હોવાની બાતમી મળતાં એસીબીએ છટકું ગોઠવી ભરતવાળાને રંગે હાથ ઝડપી લીધા હતા.

ફરિયાદી મિલકતના ગ્રાઉન્ડ ફલોરનો વેરા બિલમાં ઉલ્લેખ ન હોવાથી તેમને જીએસટી નંબર અને વીજ કનેકશન મેળવવા ગ્રાઉન્ડ ફલોરના આકરણી સાથેના વેરાબિલની જરૂર હતી. તેમણે માકળા પંચાયતના તલાટી કમ મંત્રી ભરતભાઈ વાળાનો સંપર્ક કર્યો હતો. ભરતભાઈએ કનેકશન અપાવી દેવા માટે તેની પાસેથી રૂા.૪૦ હજારની લાંચ માંગી હતી.

સુનીલભાઈએ તુરંત જ આ મામલે એસીબીનો સંપર્ક કરવા એસીબીએ છટકું ગોઠવ્યું હતું. છટકામાં ભરતભાઈ રૂા.૪૦ હજારની લાંચ લેતાં ઝડપાયા હતા. સમગ્ર મામલે પોલીસે ટેકનિકલ પુરાવા એકત્રિત કરી આગળની કાર્યવાહી શરૂ કરી હતી. તાત્કાલિક ભરતભાઈની ધરપકડ કરી તેમના ઘરે પણ તપાસ હાથ ધરાઈ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

## સુરત પોલીસે ડ્રોનની મદદથી પગેરું મેળવી નશાનો કારોબાર ઝડપ્યો

**સુરત,**
સુરત શહેરમાં કાપોદ્રા પોલીસે ડ્રોન કેમેરાથી સર્વેલન્સ કરીને બે ઈસમોને ગાંજા સાથે ઝડપી પાડયા છે. પોલીસે ૩૪૮૦ રૂપિયાની કિંમતનો ૩૪૮ ગ્રામ ગાંજો જપ્ત કરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતમાં પોલીસ દ્વારા ‘‘નો ડ્રગ્સ ઈન સુરત સિટી’’ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સુરત શહેરમાં કાપોદ્રા પોલીસે ગાંજા સાથે બે શખ્સોને ઝડપી પાડયા છે. કાપોદ્રા ચાર રસ્તા ડીજીવીસીએલની ઓફિસની સામે ખૂબ જ ભીડભાડવાળી જગ્યામાં ગાંજો વેચતો હોવાની બાતમી મળતા કાપોદ્રા પોલીસ ઈન્સ્પેકટર એમ.બી. ઔસુરાના માર્ગદર્શન હેઠળ પોલીસે ડ્રોન કેમેરાથી સર્વેલન્સ હાથ ધર્યુ હતું. સર્વેલન્સ દરમિયાન બ્રિજની નીચે ગાંજો વેચતા ૩૬ વર્ષીય હિંમત સામજીભાઈ હડિયા અને ૧૯ વર્ષીય નીતિન ધીરૂભાઈ ચાવડાને ઝડપી પાડયા હતા. પોલીસે આરોપી પાસેથી ૩૪૮૦ રૂપિયાની કિંમતનો ૩૪૮ ગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો. આ મામલે બન્ને શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસ.પી જે.આર.પટેલે જણાવ્યું હતું કે, અમને ફરિયાદ મળી હતી કે બ્રિજ નીચે ગાંજો લઈને લોકો એકબીજાને સપ્લાય કરે છે. આ અંગેની માહિતી મળતાં ડ્રોન કેમેરાના માધ્યમથી તપાસ કરી બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. આરોપી હિંમત સામે અગાઉ પણ મહિધરપુરા પોલીસ સ્ટેશન અને એનડીપીએસ એકટ હેઠળ ફરિયાદ નોંધાઈ ચૂકી છે. તે ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. આરોપી હિંમત ડ્રાઈવિંગ કરે છે જયારે અન્ય આરોપી નીતિન મજૂરી કામ કરે છે.

## સુરતમાં ૪ દુકાન આપવાના બહાને દલાલ સાથે ૧.૪૭ કરોડની છેતરપિંડી

**સુરત,**
રાજહંસ સ્ટેડિયમ પ્લાઝામાં બે દુકાન વેચાણે આપવાના બહાને ટ્રેડર્સ એસ્ટેટ એજન્ટ પાસેથી રોકડા રૂપિયા અને બે લકઝુરિય કાર મળી કુલ રૂા.૧.૪૭ કરોડ પડાવી લીધા બાદ દુકાનાના દસ્તાવેજ નહીં કરી આપી છેતરપિડી કર્યાની ફરિયાદ નોંધાઈ છે. રિઅલ એસ્ટેટનો ધંધો કરતાં નિરવ મસમાણી ફરિયાદમાં જણાવ્યું છે કે દુકાનો ખરીદવા તેમણે ટ્રેડર્સ કંચન ગુપ્તાનો સંપર્ક કર્યો હતો જેમના થકી બે દુકાનોનો રૂા.૯૭.૫૦ લાખમાં સોદો નક્કી કર્યા બાદ રૂા.૮૨.૫૦ લાખ અને દસ્તાવેજના રૂા.૧૫ લાખ પણ ચૂકવી દીધા હતા ત્યારબાદ આ જ બિલ્ડીંગની ગ્રાઉન્ડ ફલોરની બે દુકાન પણ પસંદ પડતાં તેનો સોદો પણ કર્યો હતો. આમ ચારેય દુકાનો માટે રોકડ અને ઈનોવા, રેન્વ રોવર કાર સહિત ૧.૪૭ કરોડ કંચન ગુપ્તાને આપ્યા હતા પરંતુ કંચન ગુપ્તાએ આ દુકાનો આપવાનો ઈન્કાર કરી દીધો હતો.


### સુરતમાં ટ્રકચાલકે કારને ટક્કર મારતા એકનું મૃત્યુ

સુરતઃ પુણા વિસ્તારમાં રહેતા રાકેશ બાબુભાઈ સાવલીયા અમરોલી ખાતે રહેતા પ્રવીણ કરમશીભાઈ શેલીયા સાથે કારમાં કરજણના કેસ્ટીલો વીલા ફાર્મ હાઉસમાંથી પરત ફરી રહયા હતા. ત્યારે કરજણ ગામની સીમમાં પુરપાટ ઝડપી આવી રહેલા ટ્રકના ચાલકે સ્ટીયરીગ પરનો કાબુ ગુમાવતા કાર અડફેટે લીધી હતી અને અકસ્માત સર્જી ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે કારમાં સવાર રાકેશભાઈ સાવલીયાને ગંભીર ઈજા થતાં તેમનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. જયારે પ્રવીણ શેલીયાને ગંભીર ઈજા પહોચી હતી.

# Movie મસાલા

## ગીતાંજલી જ્યારે ક્રિકેટર વેન્કટેશ ઐયરને મળી!

ટેલિવિઝનની ધમધમતી દુનિયામાં ગીતાંજલી મિશ્રા એન્ડટીવી પર હપ્પુ કી ઉલટન પલટનમાં દબંગ દુલ્હનિયા રાજેશની ભૂમિકા માટે અલગ તરી આવે છે. આ પ્રતિભાશાળી અભિનેત્રી જોકે શૂટિંગમાં નહીં હોય ત્યારે તેના મનગમતા શોખ- ક્રિકેટ જોવું અથવા રમવા સાથે પોતાને વ્યસ્ત રાખે છે. આ રમત માટે તેનો જોશ પડદા પર તેની ભૂમિકા જેવો ચમકી ઊઠે છે. સ્ટેન્ડ્સમાંથી પોતાની ફેવરીટ ટીમને ચિયર કરવાનું હોય કે રમત વિશે ચર્ચામાં ભાગ લેવાનો હોય કે ક્રિકેટના શોખીનોના સમૂહ સાથે ક્રિકેટ રમવાની વાત હોય, તેનો ક્રિકેટ માટે પ્રેમ અસીમિત છે. ક્રિકેટ માટે તેની લગનીએ તેને તેના મનગમતા ક્રિકેટરમાંથી એક વેન્કટેશ ઐયર સાથે મુલાકાત કરવાની પણ વિશેષ તક આપી હતી!



ક્રિકેટ માટે પ્રેમ દર્શાવતાં ગીતાંજલી મિશ્રા ઉર્ફે રાજેશ કહે છે, ‘‘અભિનેત્રી તરીકે મારું જીવન મોટે ભાગે સ્ક્રિપ્ટ યાદ કરવી, સેટ અને રિહર્સલ પર વીતતું હોય છે, પરંતુ આ ધમધમાટ વચ્ચે મને એક લગની ક્રિકેટ બેહદ ખુશી આપે છે. મનોરંજન ઉદ્યોગની ઝાકઝમાળની પાર મને ક્રિકેટના મેદાનમાં શાંતિ અને શાતા મળે છે. ક્રિકેટ રમવું તે મારે માટે શોખ હોવા સાથે હવાફેરનું માધ્યમ પણ છે, જે રમતની સાદગી અને શુદ્ધતા સાથે ફરીથી જોડાવાની રીત છે. ક્રિકેટમાં બેટ પર બોલ લાગતાં થતો અવાજ, ટીમના સાથીઓ વચ્ચે સુમેળ અને લક્ષ્યનો પીછો કરવો અથવા સ્કોર ડિફેન્ડ કરવા વિશે કાંઈક ચમત્કારિક છે. રવિવારની બપોરે ફ્રેન્ડ્સ સાથે કેઝ્યુઅલ ગેમ હોય કે વધુ સંગઠિત મેચ હોય ક્રિકેટ રમતી વખતે મને મળતી ખુશીનો કોઈ પાર હોતો નથી.

અભિનેત્રીએ ક્રિકેટ માટે તેની લગનીને કારણે ક્રિકેટર વેન્કટેશ ઐયરને મળવાનો મોકો મળ્યો તે વિશે પણ વાત કરી. તે કહે છે, ‘‘ક્રિકેટ મને હંમેશાં સરપ્રાઈઝ આપે છે અને એક સૌથી સુંદર સરપ્રાઈઝ વેન્કટેશ ઐયર હતો. તેની ક્રિકેટિંગ કુશળતા મને હંમેશાં ગમી છે. ગ. વર્ષે મુંબઈમાં ક્રિકેટ લીગ તાલીમ શિબિર વખતે અમારી અચાનક મુલાકાત થઈ. મને સૌથી સારી વાત ચા માટે મારા સમાન પ્રેમની લાગી. અમે બેને ફાઈનસ્ટાર રેસ્ટોરાંને બદલે ચાય કી ટપરી પર ચા માણવાનું અપનાવ્યું.

## આર્યમન અને કિઆનની વચ્ચેની મિત્રતાને પસંદ કરી રહ્યા છે દર્શકો

ઝી ટીવીનો તાજેતરમાં રજૂ થયેલો શો- મૈં હું સાથ તેરે એ તેના નિર્દોષ પ્રેમ, જીવન અને સંબંધની વાર્તાથી દર્શકોના દિલ જિત્યા છે. ઓન-સ્ક્રીન જાનવી (ઉલ્કા ગુપ્તા) અને તેનો દિકરો કિઆન (નિહાન જૈન)ના વ્હાલા સંબંધોથી દર્શકોને શોની આ સુંદર વાર્તાના પ્રેમમાં પાડી દીધા છે. તાજેતરના એપિસોડમાં દર્શકોએ જોયું કે, કઈ રીતે જાનવી એ તેના દિકરાના ઉછેર માટે મહેનત કરી રહી છે અને બીજી તરફ છે કિઆન, જે આર્યમન (કરણ વોહરા)ની સાથે ખૂબ જ સારી મિત્રતા વિકસાવી છે અને તે તેને ‘‘હિરો’’ કરે છે.



દર્શકોને આર્યમન અને કિઆનની વચ્ચેની આ મિત્રતાને પસંદ કરી રહ્યા છે, ત્યારે ઓફ-સ્ક્રીન કરણ અને નિહાન પણ એક જોરદાર મિત્રતા ધરાવે છે. નિહાન પણ કરણની કંપનીને માણી રહ્યો છે અને ઘણી વખત તે કરણના મેકઅપ રૂમમાં તેનો મોટાભાગનો સમય પસાર કરે છે. તે તેની સાથે સીનની તૈયારી કરે છે અને ફાજલ સમયમાં તેની સાથે ગેમ પણ રમે છે. પણ, જ્યારે તે કરણના ડમ્બલ્સ બને ત્યારે નિહાનને સૌથી વધુ મજા આવે છે! આ રમતમાં તેમને મજા તો આવે છે, પણ સાથોસાથ કરણ માટે ઉપયોગી પણ છે, કેમકે તે સેટ પર તેમને આર્મ વર્કઆઉટમાં મદદ પણ કરે છે.

કરણ કહે છે, ‘‘નિહાનની સાથે શૂટિંગના પ્રથમ દિવસથી ખૂબ જ મજા આવી રહી છે અને હું એટલું જરૂરથી કહીશ કે, તે ખૂબ જ મજાનો છોકરો છે અને અમે છેલ્લા બે મહિનામાં સારી રીતે જોડાયેલા છે. મને તેની સાથે રમવું ખૂબ જ ગમે છે અને અમે એકબીજાની સાથે એટલા જોડાઈ ગયા છીએ કે, અમે ખૂબ જ સારા મિત્ર બની ગયા. અમારા ઓન-સ્ક્રીન સંબંધની જેમ જ, અમારી ઓફ-સ્ક્રીન મિત્રતા પણ જોરદાર છે. હવે મને એટલો તો વિશ્વાસ છે કે, તે મારો ડમ્બલ મિત્ર બની ગયો છે. શોટ્સની વચ્ચે અમને બંનેને જ્યારે પણ સમય મળે ત્યારે, તે મારા હાથમાં આવીને લટકી જાય છે અને હું તેને ઉપર-નીચે કરીને મારા બાયસેપ્સને શેપ આપું છું. તે આ પ્રક્રિયાને માણે છે, કેમકે તેના માટે તો આ એક રમત જ છે અને તેના લીધે અમારા માટે આ એક મસ્તીભરી ફિટનેસ સેશન બની રહે છે.’’

## સમર હીટને બીટ કરવા માટે તાજું ખાવાનું પસંદ કરતા કલાકારો!

ભારતીય સમર હીટ વધી ગઈ છે ત્યારે કાળઝાળ હીટથી બચવા માટે સ્વાદિષ્ટ ટ્રીટ માણવાનું અનિવાર્ય બની જાય છે. વાતાવરણ ઠંડી ઠંડી વાનગીઓના સુગંધથી ઊભરાઈ ગયું છે. એન્ડટીવીના કલાકારો તેમના મનગમતા સીઝનલ સ્નેક્સ વિશે રસપ્રદ માહિતી આપે છે. આમાં અટલનો આશુતોષ કુલકર્ણી (ક્રિશન બિહારી વાજપેયી), હપ્પુ કી ઉલટન પલટનમાં યોગેશ ત્રિપાઠી (દરોગા હપ્પુ સિંહ) અને ભાભીજી ઘર પર હૈમાં રોહિતાશ ગૌર (મનમોહન તિવારી)નો સમાવેશ થાય છે.

અટલનો આશુતોષ કુલકર્ણી ઉર્ફે ક્રિશન બિહારી વાજપેયી કહે છે, ‘‘મારે માટે સમરની સૌથી સારી બાબત રસદાર અને મોઢામાંથી પાણી લાવી દેનારી કેરીઓ સાથે તાજગીપૂર્ણ ક્રીમી મેંગો લસ્સી માણવાની છે. વળી, મારી તરસ બુઝાવવાની વાત આવે ત્યારે લિંબુ પાણીના એક ગ્લાસની તાજગી જેવું બીજું કશું જ નથી.

હપ્પુ કી ઉલટન પલટનનો દરોગા હપ્પુ સિંહ, યોગેશ ત્રિપાઠી કહે છે, ‘‘ઉનાળો મોજીલો નીવડી શકે છે. ઉનાળામાં કાળઝાળ ગરમી પડે છે, પરંતુ હીટને બીટ કરવા માટે મારી પાસે અમુક કૂલ, અદભુત ટિપ્સ છે. મને આમ પન્નાની લહેજત, ગોલગપ્પાનું કુરકુરીતપણું અને ઠંડી લસ્સીના તાજગીપૂર્ણ સ્વાદ માણવાનું ગમે છે. ઉપરાંત મને હાઈડ્રેટેડ રહેવા અને તાજો રસ માણવા માટે રસદાર કલીંગડની સ્લાઈસ ખાવાનું પણ ભાવે છે.

ભાભીજી ગર પર હૈનો રોહિતાશ ગૌર ઉર્ફે મનમોહન તિવારી કહે છે, ‘‘તાપમાન વધે તેમ મારું શરીર નૈસર્ગિક રીતે તાજગીપૂર્ણ ખાણીપીણીની ભૂખ જગાડે છે. મને રસદાર કલીંગડ, ઠંડી કાકડી, કુલફી, દહીં રાઈસ અને ઘરે બનાવેલા પોટેટો ચાટ માણવાનું ગમે છે. હું લીલા પાનની શાકભાજીઓ, જેમ કે, પાલક, અમરંથ પાન અને ફુદીનો ખાસ કરીને સમરમાં ભોજનમાં સમાવવા ભલામણ કરું છું.

## નડિયાદમાં પ્રિ-મોન્સૂનના આયોજન સંદર્ભે બેઠક યોજાઈ

**નડિયાદ,**
જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં જિલ્લા કલેકટર કચેરી, નડિયાદ ખાતે પ્રિ-મોન્સૂન ૨૦૨૪ના આયોજન અંગે બેઠક યોજાઈ જેમાં આગામી દિવસોમાં ડિઝાસ્ટર સંબંધિત અગમચેતીના પગલાંઓ અને કરવામાં આવનાર કામગીરી બાબતે જિલ્લા કલેકટર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટરએ તાલુકા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા જિલ્લા કક્ષાના પ્લાનની સમીક્ષા કરી હતી. ઉપરાંત કલેકટર દ્વારા તાલુકા કક્ષાના કન્ટ્રોલ રૂમ નંબરોની અદ્યતન યાદી, ડેમ તળાવ કેનાલ, ગરનાળા વગેરેની ચકાસણી તથા સાફ-સફાઈ સહિતના મહત્વના મુદ્દાઓ પર માઈક્રો પ્લાનિંગ તૈયાર કરવા સંબંધિત વિભાગના અધિકારીઓને માર્ગદર્શક સૂચનો આપ્યા હતા. જિલ્લા કક્ષાના કંટ્રોલરૂમ હેલ્પલાઈન નંબર ૯૧૨૬૮ ૨૫૫૩૩૫૬ અને ૯૧૨૬૮ ૨૫૫૩૩૫૭ તથા ટોલ ફ્રી નંબર ૧૦૭૭ પર સંપર્ક કરી શકાશે.

## ઊનાળાના દિવસોમાં ૪ કલાકના વીજ કાપથી કરમસદમાં રોષે ભરાયેલા ગ્રાહકોએ વીજ કંપનીની ઓફિસમાં જઈ તોડફોડ કરી

### મોગરી અને તેની આસપાસના વિસ્તારમાં રાત્રિના સમયે ચાર કલાક વીજળી ફોલ્ટના નામે બંધ કરી દેવાતા રોષ

**આણંદ,**
આણંદના કરમસદ ખાતે આવેલી એમજીવીસીએલની કરમસદ સબ ડીવીઝનની ઓફિસમાં વીજળી ધાંધિયાથી કંટાળેલા ગ્રામજનોએ મંગળવારે રાત્રિના સુમારે વીજળી ડુલ થઈ જતાં હલ્લાબોલ કરીને ઓફિસના કાચ પત્થરો મારીને તોડી નાંખીને નુકશાન પહોચાડયું હતું. વારંવાર રજુઆત કરવા છતાં કોઈ પગલાં નહીં લેતા ગ્રામજનોએ પોતાનો આક્રોશ વ્યકત કર્યો હતો. જેથી તોડફોડ બાબતે કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

કરમસદમાં આવેલ એમજીવીસીએલ સબ ડિવિઝન હેઠળ આવતા ૧૦ જેટલા ગામોમાં છેલ્લા કેટલાય સમયથી રાત્રે વીજળી ત્રણથી ચાર કલાક બંધ રખાતી હતી. કચેરીમાં ફોન કરવામાં આવે તો કોઈ ઉપાડતું ન હતું. જયારે દિવસે પણ રૂબરૂ જઈને રજુઆત કરવા છતાં કોઈ પગલાં લેવાતા ન હતા. આખરે મંગળવારે રાત્રે મોગરી સહીત આસપાસના ગામોના લોકો મોડી રાત્રે કચેરી પર પહોંચી જઈને તોડફોડ કરતા મામલો ગરમાયો હતો.

કરમસદ સબ ડિવીઝનમાં કચેરીમાં પુરતોસ્ટાફ નથી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ત્રણ ગામો વચ્ચે એક જ વાયરમેન હોવાથી તેઓ પહોંચી વળતાં નથી. જેના કારણે વીજળી વારંવાર ડુલ થાય ત્યારે કલાકો સુધી લોકોને કાળઝાળ ગરમીમાં સેકાવુ પડતું હોવાથી ભારે રોષ જોવા મળી રહ્યો હતો. મોગરી ગામમાં છેલ્લા ઘણા દિવસથી મોડી રાત્રે પણ વીજળી ડુલ થઈ જાય છે જે ત્રણ ચાર કલાકે આવે છે. જેના કારણે કાળઝાળ ગરમીમાં લોકોની ઉંઘ હરામ થઈ જાય છે. જે બાબતે કરમસદ સબ ડિવીઝન સહીત ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવા છતાં કોઈ જ પગલાં લેવાતા ન હતા મોગરી ગામે ગઈકાલે વીજળી ડુલ થઈ હતી. જેથી રોષે ભરાયેલા ગ્રામજનો કરમસદ સબ ડીવીઝન કચેરીમાં પહોંચી ગયા હતા. રાત્રિના સમયે ડિવીઝનમાં એક પણ કર્મચારી હાજર ન હતા. જેથી ગ્રામજનો ઉશ્કેરાઈ ગયા હતા. કચેરીમાં પથ્થરમારો કરીને બારી-બારણાંના કાચ અને અન્ય સામગ્રી તોડી નાંખીને ભારે હોબાળો મચાવ્યો હતો. વારંવારની રજુઆતો છતાં નઘરોળ બનેલા તંત્ર દ્વારા સમયસર વીજળી નહીં મળતાં એમજીવીસીએલની બેદરકારીને કારણે નુકશાન વેઠવાનો વખત આવ્યો છે. આ બાબતે એમજીવીસીએલ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# મધ્ય ગુજરાત



ખેડા, આણંદ, વડોદરા જિલ્લાના સમાચારો

## બોડેલીમાં નકલી સરકારી કચેરીના કૌભાંડના મુખ્ય આરોપીનું મોત

**છોટાઉદેપુર,**
છોટાઉદેપુર જિલ્લામાં થોડા સમય અગાઉ બોડેલી ખાતે નકલી કચેરી કૌભાંડનો પર્દાફાશ થયો હતો જેમાં બોડેલી ખાતે નકલી કચેરી બનાવી રૂ.૪.૧૮ કરોડનું કૌભાંડ આચર્યુ હતું. જેમાં મુખ્ય સુત્રધાર અને આરોપી તરીકે હાલ છોટાઉદેપુર સબ જેલમાં હોય જે સંદીપ રાજપુતનું હાર્ટએટેકથી મોત નીપજયું છે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ છેલ્લા ૭ મહિનાથી જેલની અંદર હોય જે અંતર્ગત સાંજના ૬ વાગ્યાના સમયે અચાનક સંદીપ રાજપૂતને ગભરામણ થતા જેલ સ્ટાફને જાણ કરી હતી જેથી તાત્કાલિક છોટાઉદેપુર જનરલ હોસ્પીટલ સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા જે અંતર્ગત તેઓનું મોત નીપજયું હતું. અચાનક મોત થતા છોટાઉદેપુર નગર તથા સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો હતો. હાલ સંદીપ રાજપૂતના મૃત શરીરને પેનલ પોસ્ટમોર્ટમ અર્થે વડોદરા એસ.એસ.જી. મોકલી આપવામાં આવ્યું હતું.

## કપડવંજના આતરસુબા મુકામે શ્રી ગોકુલનાથજી મંદિરનો પાટોત્સવ કાર્યક્રમ યોજાયો

**કપડવંજ,**
કપડવંજ તાલુકાના આતરસુંબા ગામે નવ નિર્મિત શ્રી ગોકુલનાથજી મંદિરમાં આચાર્ય નુતન ગૃહ પ્રવેશ અને પાટોત્સવ મહાપ્રભુ શ્રીમદ વલ્લભાચાર્ય ચરણ તથા આદ્ય ચતુર્થ પીઠાધીશ્વર સર્વદા સેવ્ય દાદાજી શ્રી ગોકુલનાથજી પ્રભુરણના પરમ અનુગ્રહથી અને બિરાજમાન શ્રી ગુરુ પરિવારના સર્વે સ્વરૂપોની આજ્ઞા અને આશીર્વાદથી આતરસુંબામાં નવનિર્મિત શ્રી આચાર્ય ગૃહ શ્રીગોકુલનાથજી મંદિરમાં શ્રી પ્રભુ સહિત ચતુર્થે પીઠાધીશ્વર ગોસ્વામી શ્રી લક્ષ્મણ લાલજી મહારાજના ગૃહ પ્રવેશ પાટોત્સવ યોજાઈ ગયો.

આ ધાર્મિક કાર્યક્રમમાં સવારે ભવ્ય શોભાયાત્રા આતરસુંબા બજારમાં નીકળી હતી કેસર સ્નાન શ્રીગુરુ પદવંદન અને વિજયતીલક જેવા કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે શ્રી ગોકુલનાથજી મંદિર આતરસુંબાના પ્રમુખ મયુરભાઈ નરેન્દ્રભાઈ પરીખ, રમણભાઈ પરીખ, જયકુમાર દાણી, ડેપ્યુટી સરપંચ મેહુલભાઈ પરીખ, અશોકભાઈ પરીખ સહિતના વિશાળ સંખ્યામાં વૈષ્ણવોએ ભાગ લીધો હતો. શોભાયાત્રા દરમિયાન આતરસુંબા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ કિંજલ ચૌધરી દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગ જોઈને આતરસુંબાના વતની સ્વ. રમણલાલ બાલકૃષ્ણદાસ પરીખના પૌત્રએ મારૂં ગામ આતરસુંબા નામના વોટસેપગૃપમાં મેસેજ પોસ્ટ કર્યો હતો. કોઈ ને સ્વપ્રેય ખ્યાલ નહીં હોય કે વૈષ્ણવોની આટલીબધી મેદની આ એક નાનકડા ગાયકવાડી બાંધણીની યાદ અપાવતા ગામ આતરસુંબામાં એકઠી થશે.

## દેવગઢ બારીયાના ભેદરવાજા પર સ્ટેટ હાઇવે ઉપર મોટો ઊંડો ખાડો જીવલેણ અકસ્માતની ભીતિ

### તંત્ર દ્વારા રસ્તાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ



(તસ્વીરઃ મઝહરઅલી મકરાણી, દેવગઢબારીઆ)

**(પ્રતિનિધિ) દેવગઢબારિયા,**
દેવગઢબારિયા નગરમાંથી પસાર થતો સ્ટેટ હાઈવે રસ્તામાં એક મોટો ખાડો ભેદરવાજા બહાર ઊંડો ખાડો તંત્ર અજાણ કે પછી જીવલેણ અકસ્માતની રાહ જોવાતી હોઈ તેમ. દાહોદ જિલ્લાના દેવગઢબારિયા નગરના મધ્યમાં સ્ટેટ હાઈવે રસ્તો પસાર થાય છે જે રસ્તા ઉપર અનેક નાના-મોટા ખાડા પડી ગયા છે. જેનું સમારકામ તંત્ર દ્વારા આજદિન સુધી કરવામાં આવ્યું નથી અને આ બાબતે તંત્ર પણ ક્યારે આ ખાડા પૂરવાની કામગીરી હાથ ધરી નથી.

ત્યારે નગરના ભેદરવાજા બહાર આશરે એક ફૂટથી વધારે ઉંડાઈનો ખાડો રસ્તાની મધ્યમાં પડી રહ્યો છે. ત્યારે આ રસ્તા ઉપરથી ભારદાર વાહનો પસાર થતાં હાલમાં આ રસ્તા ઉપર પાણી ભરાતાં દિનપ્રતિદિન ખાડો મોટો થતો જાય છે. જેમાં અજાણ્યા વાહન ચાલકો આ રસ્તા ઉપરથી પસાર થતા નાના વાહન પડતા વાહનોમાં અને નુકસાન આવી રહ્યું હોવાનો પણ દેખાઈ રહ્યું છે. ત્યારે આ ખાડાના કારણે ક્યારેય મોટો અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે તંત્ર આ ખાડાને લઈ અજાણ કે પછી મોટો જીવલેણ અકસ્માતની રાહ જોતું હોય તેમ જોવાઈ રહ્યું છે ત્યારે શું આ ખાડાની મરામત સ્થાનિક તંત્ર હાથ ધરશે ખરું ? કે પછી નગર પાલિકા તંત્ર કે સ્ટેટહાઈવેને એકબીજાને ખો આપતું રહેશે તે જોવાનું રહ્યું ?

છેલ્લા કેટલાય દિવસથી દેવગઢબારિયા નગરમાંથી પસાર થતાં સ્ટેટ હાઈવે રોડ ઉપર ભેદરવાજા બહાર એક મસમોટો ખાડો ગોઝારા અકસ્માતને આમંત્રણ આપતો નજરે પડી રહ્યો છે. જે કોઈનો ભોગ લે તે પહેલાં જ તંત્ર દ્વારા રસ્તાની કામગીરી હાથ ધરી ખાડો પૂરવાની વ્યાપક માંગ ઉઠવા પામી છે. ત્યારે માલિકીની લમણાઝીકમાં પડ્યા વગર તંત્ર દ્વારા તાકિદે કામ હાથધરાય તે જનહિતમાં ઈચ્છનીય છે.

## વડોદરા :સાવલીમાં સગીરા પર દુષ્કર્મ કેસમાં ૨૦ વર્ષની સજા

**વડોદરા,**
વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના એક ગામમાં ૧૨ વર્ષની દીકરી ઘરની બહાર શૌચ કરવા નીકળી હતી એક કલાક સુધી તે પરત ફરી ન હતી તેની તપાસ દરમિયાન તે તેમના પાડોશમાં રહેતા સુનીલભાઈ સુરેશભાઈ નાયકના ઘરે ૧૦ દિવસ અગાઉ આવેલ તેમનો સાળો મહેશભાઈ બાબુભાઈ નાયક (રહે. મેવલીનગર, તા.સાવલી) પણ સુનીલભાઈના ઘરે હાજર ન હતો. બાદમાં જાણ થઈ હતી કે, મહેશભાઈ નાયક બાળાને પટાવી ફોસલાવીને લગ્ન કરવાની લાલચ આપીને ભગાડી ગયો હતો. આ મામલે ભાદરવા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરવામાં આવી હતી.

પોલીસને તપાસ દરમિયાન સગીરા ઘોઘંબામાંથી મળી આવી હતી તે સમયે તેણે તેની પર જબરજસ્તીથી બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાની વિગતો જણાવી હતી. આ ચકચારી બનાવમાં પોલીસે મહેશભાઈ બાબુભાઈ નાયકની પણ ધરપકડ કરી હતી. તપાસમાં તેણે ટૂંડાવ ગામે કેનાલની બાજુમાં તથા ઘોઘંબા ખાતે સગીરા પર બળાત્કાર ગુજાર્યો હોવાનું બહાર આવ્યું હતું. આ કિસ્સામાં પોલીસે સાવલીના સ્પેશ્યલ (પોકસો) અને એડીશનલ ડિસ્ટ્રિકટ એન્ડ સેસન્સ જજ જે.એ. ઠકકરની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસ ચાલી જતા સરકારી વકીલ સી.જી. પટેલની દલીલો ગ્રાહ્ય રાખીને અદાલતે મહેશભાઈ નાયકને ૨૦ વર્ષની સજા તથા ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત ગુજરાત વીકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અંતર્ગત ભોગ બનનારને ૪ લાખ વળતર પણ ચુકવવાનો આદેશ કર્યો હતો.

### પંચમહાલ ખાણખનીજ વિભાગની પ્રશંસનીય કામગીરી

# વર્ષ દરમિયાન રેડની કામગીરીમાં ૬૦૦ કેસો કર્યા : ૪૩ કરોડની નવી આવક નોધાઈ

**(પ્રતિનિધિ) ગોધરા,**
પંચમહાલ જીલ્લા ખાણખનીજ વિભાગ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ તાલુકાઓમા થતા ખાણખનીજના ગેરકાયદેસર ખનન તેમજ ખોદકામ મામલે કાર્યવાહી કરવામા આવી હતી. જેમા પોલીસ તંત્ર, રેવન્યુ વિભાગ, પોલીસતંત્ર, અને પ્રાન્ત વિભાગને સાથે રાખીને રેડ કરવામા આવી હતી જેમાં ગેરકાયદેસર ખનન, ખનીજચોરી રોકવામા સફળતા મળી હતી. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ખાણ ખનીજ વિભાગે રેડની કામગીરીના પગલે રોયલ્ટીની આવકમા અગાઉના વર્ષ કરતા ૩૦ ટકાનો વધારો નોધાયો છે. આમ અસરકારક કામગીરીના પગલે સરકારી તિજોરી છલકાઈ છે.

પંચમહાલ જીલ્લામા આવેલા કુદરતી ખનીજ સંશાધનો પર ખનીજ માફીયાઓ ની નજર હોય છે. જીલ્લામા આવેલી નદીઓમાંથી રેતીનુ ખનન, શહેરા તાલુકામા સફેદ પથ્થરનુ ખનન,તેમજ ખુલી જગ્યાઓમાંથી ગેરકાયદેસર રીતે માટીનુ ખનન થતુ હોય છે,ત્યારે જીલ્લા ખાણખનીજ વિભાગ પણ આ ખનીજમાફીયાઓને જવાબ આપવા સજ્જ છે. પંચમહાલ જીલ્લા ભૂસ્તર શાસ્ત્રી નીરજ ગામીત રોયલ્ટી ઈન્સ્પેકટર હિતેશ રામાણી અને માઈન્સ સુપરવાઈઝર પૃથ્વીરાજ ચૌહાણ દ્વારા પંચમહાલ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં અસરકારક કામગીરી બજાવી હતી. જેમા વર્ષ દરમિયાન ૬૦૦ ઉપરાંત કેસો કરવામા આવ્યા હતા. જેમા સાડા પાંચ કરોડની આવક મેળવી છે. જેમાં રોયલ્ટીની આવકમાં ગત વર્ષની સરખામણીમાં જ રૂપિયા ૪૩ કરોડ જેટલો તોતિંગ વધારો જોવા મળ્યો છે.૬૦૦ જેટલા વાહનોને જપ્ત કર્યા હતા. તમામ કાર્યવાહીમાં બિનઅધિકૃત ખનન વહન સંગ્રહમાં ગત વર્ષ કરતા અંદાજિત ૩૦ ટકા આવક વધુ નોધાવા પામી હતી.

પંચમહાલ જિલ્લાની ખાણ ખનીજ વિભાગ દ્વારા જિલ્લામાં આવેલ તાલુકાઓમાં વર્ષ ૨૦૨૩ /૨૪ દરમિયાન પંચમહાલ જિલ્લા તંત્ર પોલીસ તંત્રને સાથે રાખીને વિવિધ તાલુકાઓમાં બિન અધિકૃત રીતે ખનન નું વહન અટકાવવા માટે દિન પ્રતિદિન કાર્યવાહી કરાઈ છે. જેમાં વર્ષ દરમિયાન કુલ અંદાજિત ૬૦૦ જેટલા કેસ કરીને સાડા પાંચ કરોડ રૂપિયાની વસૂલાત કરાઈ છે. પંચમહાલ જિલ્લામાં રોયલ્ટી સાથે ૪૩ કરોડ આવક થયેલ છે. બિનઅધિકૃત ખનન વહન સંગ્રહમાં ગત વર્ષ કરતાં અંદાજિત ૩૦ ટકા જેટલો વધારો જોવા મળ્યો હતો. તથા રોયલ્ટી આવકમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

## યુનેસ્કોના મેમોરી ઓફ ધ વર્લ્ડ રિજનલ રજીસ્ટરમાં રામચરિતમાનસ અને પંચતંત્રનો કરાયો સમાવેશ

**(એજન્સી)નવીદિલ્હી,**
પ્રાચીન રામચરિતમાનસ હસ્તપ્રતો અને ૧૫મી સદીની પંચતંત્ર દંતકથાઓ સહિત એશિયા-પેસિફિકના ૨૦ હેરિટેજ સ્થળોનો ૨૦૨૪ માટે યુનેસ્કોના મેમોરી ઓફ ધ વર્લ્ડ રિજનલ રજિસ્ટરમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે, આ નિર્ણય મેમોરી ઓફ ધ વર્લ્ડ કમિટી ફોર એશિયા એન્ડ ધ પેસિફિકની ૧૦મી સામાન્ય બેઠકમાં લેવામાં આવ્યો હતો.

આ બેઠક ૭મી અને ૮મી મે દરમિયાન મંગોલિયાની રાજધાની ઉલાનબાતારમાં બોલાવવામાં આવી હતી.આ બેઠકનું આયોજન મોંગોલિયાના સંસ્કૃતિ મંત્રાલય, યુનેસ્કો માટેના મોંગોલિયન નેશનલ કમિશન અને બેંગકોકમાં યુનેસ્કો પ્રાદેશિક કાર્યાલય દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વર્ષે વંશાવળીના રેકોર્ડમાં ખાસ સમાવેશ કરવામાં આવ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આમાં મોંગોલિયાના ખાલખા મોંગોલ પરિવાર અને તેમના વંશનો સમાવેશ થાય છે, ચંગીઝ ખાનનું ઘર. ચીનના હુઈઝોઉ અને મલેશિયાના કેદાહ રાજ્યના સમુદાય અને પારિવારિક ઈતિહાસનો પણ સમાવેશ થાય છે.

આ વર્ષે નોંધાયેલા રેકોર્ડમાં વિજ્ઞાન અને સાહિત્યને પણ સ્થાન આપવામાં આવ્યું છે. બાંગ્લાદેશી નારીવાદી વિજ્ઞાન સાહિત્ય લેખક રોકેયા એસ. હુસૈનને પણ આમાં ઓળખવામાં આવી હતી. તેમણે તેમની ૧૯૦૫ ની વાર્તાઓ સુલતાન ડ્રીમમાં શોધ થઈ તે પહેલા જ હેલિકોપ્ટર અને સોલાર પેનલ બંનેની કલ્પના કરી હતી.

# વિશ્વમાં દર વર્ષે ૧.૫૩ લાખ લોકો ગરમીના મોજાને કારણે મૃત્યુ પામે છે

**(એજન્સી)નવીદિલ્હી,**
એક સંશોધન મુજબ સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧.૫૩ લાખથી વધુ લોકો હીટ વેવને કારણે મૃત્યુ પામે છે. આ અભ્યાસમાં ભારત માટે ચિંતાજનક અહેવાલો સામે આવ્યા છે. અહેવાલ છે કે ૧.૫૩ લાખ લોકોના મૃત્યુમાં પાંચમો સૌથી મોટો હિસ્સો ભારતનો છે. એટલે કે ભારતમાં દર પાંચમાંથી એક મૃત્યુ થઈ રહ્યું છે. જો આપણે આંકડાઓ પર ધ્યાન આપીએ તો ભારતમાં દર વર્ષે લગભગ ૩૦,૦૦૦ લોકો હીટ વેવને કારણે મૃત્યુ પામે છે. ઓસ્ટ્રેલિયાની મોનાશ યુનિવર્સિટીના સંશોધન મુજબ આ આંકડા ૧૯૯૦ પછીના ૩૦ વર્ષ માટેના છે.

સંશોધન દર્શાવે છે કે દર વર્ષે થતા ૧.૫૩ લાખ મૃત્યુમાંથી ૧૪ ટકા લોકો ચીનમાં મૃત્યુ પામે છે જ્યારે ૮ ટકા લોકો રશિયામાં મૃત્યુ પામે છે. સંશોધનમાં ભારત પછી ચીન અને રશિયાને સ્થાન આપવામાં આવ્યું છે. દર વર્ષે ઉનાળાની ઋતુમાં ૧.૫૩ લાખ લોકો મૃત્યુ પામે છે. તેમાંથી ૫૦ ટકા લોકો એશિયામાં મૃત્યુ પામે છે જ્યારે ૩૦ ટકા લોકો યુરોપમાં મૃત્યુ પામે છે. વધુમાં, સૌથી વધુ અનુમાનિત મૃત્યુદર શુષ્ક આબોહવા અને ઓછી-મધ્યમ આવક ધરાવતા વિસ્તારોમાં જોવા મળે છે. ઓસ્ટ્રેલિયાની મોનાશ યુનિવર્સિટીનું સંશોધન પીએલઓએસ મેડિસિન જર્નલમાં પ્રકાશિત થયું છે.

સંશોધન દર્શાવે છે કે વિશ્વભરમાં ૧૯૯૦ થી ૨૦૧૯ની વચ્ચે દર વર્ષે ૧૫૩,૦૭૮ લોકો મૃત્યુ પામે છે. આ આંકડો કહે છે કે વિશ્વભરમાં દર મિલિયન લોકોમાંથી ૨૩૬ લોકો હીટ વેવને કારણે મૃત્યુ પામે છે. સંશોધકોએ અભ્યાસ માટે યુકે સ્થિત મલ્ટી-કંટ્રી મલ્ટી-સિટી રિસર્ચ નેટવર્કના ડેટાનો ઉપયોગ કર્યો હતો. તેમાં ૪૩ દેશોમાં ૭૫૦ સ્થળોએ દરરોજ થતા મૃત્યુના અભ્યાસનો સમાવેશ થાય છે.

અભ્યાસ જણાવે છે કે ૧૯૯૯ અને ૨૦૧૯ ની વચ્ચે, સમગ્ર વિશ્વમાં ભારે ગરમીના દિવસોની સરેરાશ સંખ્યામાં વધારો થયો છે. આ આંકડો સરેરાશ ૧૩.૪ દિવસથી વધીને ૧૩.૭ દિવસ થયો છે. આ સિવાય એવું પણ જાણવા મળ્યું છે કે પૃથ્વી પર દર દાયકામાં તાપમાનમાં .૩૫ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. સંશોધકોએ જણાવ્યું હતું કે અગાઉના અભ્યાસમાં સ્થાનિક સ્તરે ગરમીના મોજાને કારણે થયેલા મૃત્યુની જાણ કરવામાં આવી હતી, પરંતુ આ અભ્યાસોએ વિશ્વભરમાં થતા મૃત્યુનો ડેટા જાહેર કર્યો નથી.

# લગ્ન નોંધણી સર્ટિફીકેટ કૌભાંડ : તલાટી કમ મંત્રી બરતરફ

**(પ્રતિનિધિ) ગોધરા,**
પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના ભદ્રાલા ગ્રામ પંચાયતના ભુતપુર્વ તલાટીકમમંત્રીએ લગ્નોની અધુરા દસ્તાવેજોના આધારે નોંધણી કરી દેતા તાલુકા વિકાસ અધિકારીએ બરતરફ કરી દેતા ચકચાર મચી જવા પામી છે. એક મહિનામાં એક સાથે મોટી સંખ્યામાં લગ્નની નોધણી થતા તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલ દ્વારા તલાટી કમમંત્રી પી.એમ.પરમારને નોટીસ ફટકારવામા આવી હતી. છતાય લગ્નની નોધણીનુ કાર્ય ચાલુ રાખતા આખરે તલાટી કમમંત્રીને બરતરફ કરાયા હતા.લગ્ન નોધણીના રેકર્ડ તપાસમાં મોટા ભાગના ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર,રાજસ્થાન જેવા બહારના રાજ્યોના યુગલોના લગ્નોની નોધણી થઈ હોવાની વિગતો મળી આવી હતી.

માતા પિતાને સમાજની પરવાહ કર્યા વગર કેટલાક સંતાનો ઘરેથી ભાગી જવાના કિસ્સા સાભળવા મળે છે. ભાગી ગયા બાદ આ સંતાનોને સમાજમા પતિ-પત્નિ તરીકે સ્થાપિત થવા માટે લગ્ન નોંધણી કર્યા બાદ તેમને લગ્ન સર્ટીફિકેટ મેળવુ પડે છે. પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના ભદ્રાલા ગામના ભુતપુર્વ તલાટી કમમંત્રી પી.એમ.પરમાર અધુરા દસ્તાવેજોના આધારે લગ્નોની નોધણી કરી દેતા હોવાની વિગતો સામે આવી હતી. એક મહિનામાં ૧૦૦ લગ્નોની નોધણી થતા તાલુકા વિકાસ અધિકારી દ્વારા તલાટી કમમંત્રીને નોટીસ ફટકારવામા આવી હતી. જેમા નોધણીઓ બોગસ હોવાની વિગત સામે આવી હતી. આખરે તાલુકા વિકાસ અધિકારી દ્વારા તલાટી કમમંત્રીને પી.એમ.પરમારને બરતરફ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. લગ્નની નોધણીના ડોક્યુમેન્ટની તપાસ કરતા ગુજરાત સહિત અન્ય ઉત્તરપ્રદેશ,મધ્ય પ્રદેશના રાજ્યોના છે. આ મામલે રેકર્ડ પણ કબજે લેવામા આવ્યુ છે. તલાટી સામે બરતરફની કાર્યવાહીના પગલે શહેરા તાલુકા તલાટી આલમમા પણ ચકચાર મચી જવા પામી છે.

## જવાહર નવોદય વિદ્યાલય વેજલપુરનું ધો.૧૦ અને ૧૨નું ૧૦૦ ટકા પરિણામ

**(પ્રતિનિધિ)ગોધરા.**
તારીખ ૧૩ મે ૨૦૨૪ના રોજ કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.જવાહર નવોદય વિદ્યાલય વેજલપુર,જિલ્લો પંચમહાલએ ચાલુ વર્ષે ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે.વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૨મા ધોરણમાં કુલ ૭૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને તમામ ઉચ્ચ ગુણ સાથે પાસ થયા છે.જેમાં નવોદય વિદ્યાલયના વિજ્ઞાન વિભાગમાં આદિત્ય વર્મા ૯૭% માર્ક્સ સાથે પ્રથમ ક્રમે,રાવલ જીગ્નીશાબેન ૯૧.૨૦% માર્કસ સાથે બીજા ક્રમે,પટેલ દ્રષ્ટિએ ૯૦.૬૦% માર્ક્સ સાથે ત્રીજું સ્થાન મેળવ્યું છે.

જ્યારે વાણિજ્ય વિભાગમાં પાર્થ સોલંકી ૯૧% માર્કસ સાથે પ્રથમ,માધવી પાઠક ૮૪% માર્કસ સાથે બીજા ક્રમે તથા પાર્થ કુમાર ડાયરાએ ૮૩.૬૦% માર્ક્સ સાથે ત્રીજું સ્થાન મેળવ્યું છે. ધોરણ ૧૨ સાયન્સના આદિત્ય વર્માએ અંગ્રેજી વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ મેળવી વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે.

આ સાથે ધોરણ ૧૦ માં કુલ ૭૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને તમામ ઉચ્ચ ગુણ સાથે પાસ થયા છે.જેમાં જીયાબેન પટેલ ૯૩.૮૦% માર્કસ મેળવી પ્રથમ,લક્ષ્ય પટેલ અને પરિધિ ડીંડોર ૯૩.૬૦% ગુણ મેળવીને દ્વિતીય સ્થાન અને પ્રકૃતિ કુમારી પરમાર ૯૨% ગુણ મેળવીને ત્રીજા ક્રમે રહ્યા છે.

નવોદય વિદ્યાલયના આચાર્ય ડો.પ્રિયા રંજને પાસ થનાર તમામ વિદ્યાર્થીઓ,વાલીઓ,શાળાના શિક્ષકો અને અન્ય કર્મચારીઓ તથા જિલ્લા શિક્ષણાધિકારી,જિલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ અને નવોદય વિદ્યાલય સમિતિના તમામ અધિકારીઓ વતી અભિનંદન પાઠવીને શુભેચ્છાઓ પાઠવી છે તેમ નવોદય વિદ્યાલયના આચાર્ય દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# એક જ બેઠક પરથી ત્રણ વખત ચૂંટણી લડનારા મોદી ત્રીજા વડાપ્રધાન

**(એજન્સી)નવીદિલ્હી,**
ત્રીજી વખત વારાણસી સંસદીય બેઠક પરથી ઉમેદવારી નોંધાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ અને ભારત રત્ન પંડિત અટલ બિહારી વાજપેયીની બરાબરી કરી લીધી છે. બંને ભૂતપૂર્વ વડા પ્રધાનો પોતપોતાના મતવિસ્તાર (એક જ લોકસભા)માંથી ચૂંટણી લડ્યા હતા અને જંગી મતોથી જીત્યા હતા. હવે મોદીએ આ જ લોકસભા સીટ પરથી ચૂંટણી લડીને પીએમ તરીકે ત્રીજી વખત ચૂંટણીમાં બરાબરી કરી લીધી છે.

પંડિત નેહરુ ૧૯૫૧-૫૨, ૧૯૫૭ અને ૧૯૬૨માં ત્રણ વખત પ્રયાગરાજ જિલ્લાની ફુલપુર બેઠક પરથી સાંસદ હતા અને ત્રણેય વખત તેમણે વડાપ્રધાન તરીકે દેશની બાગડોર સંભાળી હતી. પંડિત નેહરુને દેશના પ્રથમ વડાપ્રધાન બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું. જો કે ભારત રત્ન પંડિત અટલ બિહારી વાજપેયી પાંચ વખત લખનૌથી સાંસદ રહી ચૂક્યા છે, પરંતુ ૧૯૯૬, ૧૯૯૮ અને ૧૯૯૯માં સાંસદ બન્યા બાદ તેમને વડાપ્રધાન પદ પર રહેવાનું સન્માન મળ્યું.

હવે નરેન્દ્ર મોદી ૨૦૧૪ અને ૨૦૧૯માં વારાણસીના સાંસદ તરીકે ચૂંટાયા હતા. બંને વખત કેન્દ્રમાં તેમના નેતૃત્વમાં મજબૂત બહુમતી સાથે સરકારો બની હતી. વારાણસીથી ફરી ત્રીજી વખત ઉમેદવારી નોંધાવીને મોદીએ એક જ લોકસભા બેઠક પરથી સતત ત્રણ વખત ચૂંટણી લડનારા બંને પૂર્વ વડાપ્રધાનોની બરાબરી કરી લીધી છે.

૧૪ માંથી નવ વડાપ્રધાનો યુપીના છેઃ ભારતના લોકશાહી ઈતિહાસમાં ૧૪ વડાપ્રધાનો રહ્યા છે, જેમાંથી નવ ઉત્તર પ્રદેશમાંથી આવ્યા છે. પંડિત જવાહર લાલ નેહરુથી શરૂ થયેલો આ ટ્રેન્ડ નરેન્દ્ર મોદી સુધી પહોંચ્યો છે. આ સમયગાળા દરમિયાન લાલ બહાદુર શાસ્ત્રી, ઈન્દિરા ગાંધી, ચૌધરી ચરણ સિંહ, રાજીવ ગાંધી, વિશ્વનાથ પ્રતાપ સિંહ, ચંદ્રશેખર, અટલ બિહારી વાજપેયી યુપીની વિવિધ બેઠકો પરથી ચૂંટણી જીતીને સંસદમાં પહોંચ્યા અને ચૂંટાયેલા સાંસદોએ તેમને વડાપ્રધાન તરીકે તેમના નેતા તરીકે પસંદ કર્યા. .

# ઝઘડિયા તાલુકાના રૂમાલપુરા ગામે રહેતી પરિણિતાનું કરંટ લાગવાથી મોત

**પરિણિતાના પિયર પક્ષે મરણ જનારના માથે અને હાથે ઈજા હોય યોગ્ય તપાસની માંગ કરી**

**(પ્રતિનિધિ) ભરૂચ,**
નર્મદા જીલ્લાના રેલ ગામના અને હાલ ઝઘડિયા તાલુકાના રૂમાલપુરા ગામે રહેતા વિપુલ જગદીશભાઈ વસાવાને ઝઘડિયા તાલુકાના વલા ગામની આસ્થા કનુભાઈ વસાવા સાથે પ્રેમ સંબંધ હતો.જેથી તેમણે ગત તા.૪.૧૧.૨૩ ના રોજ ઝઘડિયા ખાતે લગ્ન કર્યા હતા.લગ્ન બાદ વિપુલ અને આસ્થા રૂમાલપુરા ગામના આસ્થાના નાના ને ત્યાં ખેતરમાં આવેલ ઘરે રહેતા હતા.ગતરોજ વિપુલ અને તેનો નાનો ભાઈ નિતેશ તેની બાઈક લઈને ઝઘડિયા ખાતે તાડફરી વેચવા માટે ગયેલા અને આસ્થા અને તેની કાકી કાળીબેન ઘરે હાજર હતા સાંજે ૭ વાગ્યાના અરસામાં વિપુલ ઝઘડિયા હતો ત્યારે તેના પર તેની મામી પુનમબેનનો ફોન આવેલો અને જણાવ્યું હતું કે તારી પત્ની આસ્થાને ખેતરમાં આવેલ બોરવેલ નજીક કરંટ લાગતા જમીન ઉપર નીચે બેહોશ હાલતમાં પડેલ છે અને કંઈક બોલતી નથી.આ વાતની જાણ થતાં વિપુલ તથા તેનો ભાઈ ઘરે આવ્યા હતા અને તેની પત્નીને ઘરમાં સુડાવેલ હતી અને ઘરમાં પૂછપરછ કરતા પરિવારજનો એ જણાવેલ કે બપોરે ૩:૩૦ વાગ્યે ઘરેથી આસ્થા ચા બનાવીને ચા પી તેના દાદા ને ચા આપવા માટે બીજા ખેતર ગયેલ હતી અને તેના ઢોળોનો ઘાસચારો લઈ ૬:૩૦ વાગે પરત આવેલ તે વખતે આસ્થા ખેતરના બોરવેલ નજીકના ઈલેક્ટ્રીક ટ્રાન્સફોર્મર ના થાંભલા અને તાણીયા નજીક જમીન ઉપર નીચે બેહોશ હાલતમાં હાલતમાં પડેલ હતી, તેને ઉઠાડતા તે કંઈક બોલી ન હતી જેથી પરિવારજનોએ તેને ઘરમાં લાવી હતી અને ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો અને તેને ઉમલ્લાની સરકારી હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા.ત્યારે ફરજ પરના ડોક્ટરે આસ્થાને મરણ જાહેર કરેલ હતી.ઘટના બાબતે આસ્થાના પતિ વિપુલભાઈ જગદીશભાઈ પટેલે ઉમલ્લા પોલીસમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી.

આ તરફ આસ્થાના પિયર પક્ષે પણ ઉમલ્લા પોલીસમાં જઈ આસ્થાને શરીર પર ઈજા હોવાના કારણે આ ઘટનાની યોગ્ય તપાસ કરવા માટે જણાવ્યું હતું.

## ગોધરામા સ્માર્ટ મીટર હટાવવા માટે વોટસએપ ગ્રૂપ બનાવીને લોકોએ વિરોધ દર્શાવ્યો

**(પ્રતિનિધિ) ગોધરા,**
પંચમહાલ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં એમજીવીસીએલ વિભાગ દ્વારા જૂના મીટર કાઢીને સ્માર્ટ મીટર લગાડવામાં આવતા લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.અને આક્રોશ સમગ્ર જિલ્લાઓમાં ચરમસીમાએ પહોંચ્યો છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં આવેલા ગોધરા શહેરમાં આવેલા મોટાભાગના વિસ્તારમાં એમજીવીસીએલ વિભાગ દ્વારા જૂના મીટર કાઢીને નવીન સ્માર્ટ પ્રીપેડ મીટર લગાડવામાં આવ્યા છે.જ્યાં લોકોમાં ફરિયાદ ઉઠવા પામી છે કે સ્માર્ટ મીટરમાં વપરાશ કરતાં વધારે યુનિટ ચાર્જ વસૂલ કરવામાં આવે છે. જ્યાં ચાર થી પાંચ દિવસના ૫૦૦ થી ૭૦૦ રૂપિયા સ્માર્ટ પ્રીપેડ મીટરમાં કપાઈ જાય છે જેને લઈને ગોધરાની જનતાએ સોશિયલ મીડિયાનો સહારો લઈ લઈ જેમાં સ્માર્ટ મીટર હટાવો સમિતિ નામનું whatsapp ગ્રુપ બનાવી પોતાનો રોષ સોશિયલ મીડિયામાં ઠાલવી રહ્યા છે.

હાલ તો સમગ્ર જિલ્લામાં સ્માર્ટ પ્રીપેડ મીટરને લઈને વિરોધ જોવા મળી રહ્યો છે અને જે પણ જગ્યાએ એમજીવીસીએલ વિભાગની ટીમ જાય છે ત્યાંના સ્થાનિક લોકો સ્માર્ટ મીટર લગાડવા નો ચોખ્ખો વિરોધ કરી રહ્યા છે ત્યારે ગોધરા શહેરમાં પણ સ્માર્ટ મીટર હટાવો સમિતિ નામનું ગ્રુપ બનાવી ગોધરાની જનતા પોતાનો રોષ સોશિયલ મીડિયા દ્વારા કરી રહ્યા છે.જે સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યું છે.

**Arrdekta Institute of Technology**
Degree, Diploma & PG College
**APPOINTMENT**

★ Applications are invited from interested candidates for faculty positions in the following disciplines:-

| Principal | BE / DE / MBA / MCA | | | 1 | |
|---|---|---|---|---|---|
| BRANCH | Degree Engg. & PG | | | Diploma Engg. | |
| | Prof. | Asso. Prof. | Asst. Prof. | HOD | Lecturer |
| Mechanical Engg. | 2 | 5 | 10 | 1 | 2 |
| Electrical Engg. | 2 | 5 | 10 | 1 | 3 |
| Civil Engg. | 2 | 5 | 10 | 1 | 3 |
| Computer Engg. | 1 | 3 | 6 | 1 | 3 |
| I.T. Engg. | - | - | 4 | 1 | 3 |
| E & C Engg. | - | - | 4 | - | - |
| M.B.A. | - | - | 6 | - | - |
| M.C.A. | - | - | 6 | - | - |

★ Qualification and Experience (For all Post) : All the rules and regulation of AICTE / GTU is followed for the appointment. Candidates can apply with their C.V., Adhar Card, PAN Card, Photocopy of all required documents and two photographs on E-Mail ID : cehod.arrdekta@gmail.com or Whatsapp No : 98258 26639.
★ Last Date for application received : 21/05/2024.

ARRDEKTA INSTITUTE OF TECHNOLOGY, Khedbrahma
On Ahmedabad-Ambaji S.H. No.: 09, C/O.: EKTA Institute,
At : Navi Metral, Tal.: Khedbrahma, Dist.: Sabarkanth, Gujarat-383255
www.arrdekta.org Mob. 98794 10225 82008 17733

## આઇસર ટેમ્પો અને ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માતઃ આઇસર ચાલકનું મોત

**(પ્રતિનિધિ)ગોધરા,**
હાલોલ વડોદરા હાઈવે રોડ પર બાસ્કા ગામની ચોકડી નજીક આવેલ મુખ્ય રોડ પર આજે ગુરુવારે વહેલી સવારે ૬:૩૦ વાગ્યાના સુમારે આઈસર ટેમ્પો અને એક તોતિંગ ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માતની ઘટના બનવા પામી હતી જે ઘટનામાં આઈસરના ચાલકનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજયું હતું જ્યારે આઈસરના ક્લીનરને માથા સહિત શરીરના ભાગે ઈજાઓ પહોંચતા સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો.

જેમાં વડોદરા તરફથી મધ્યપ્રદેશના ઈન્દોરનો સામાન ભરીને ઈન્દોર તરફ જઈ રહેલ એક આઈસર ટેમ્પો કોઈ કારણસર એકાએક આજે ગુરુવારે વહેલી સવારે હાલોલ વડોદરા હાઈવે રોડ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે બંધ થઈ જવા પામ્યો હતો જેને લઈને આઈસર ટેમ્પોના ચાલક મનોજભાઈ બાબુભાઈ રાઠોડ અને ક્લીનર ઈમરાન રમજાન કમપેલ હાલોલ વડોદરા હાઈવે રોડ પર આવેલ બાસ્કા ગામની ચોકડી નજીકના મુખ્ય હાઈવે રોડ પર આઈસર ટેમ્પોને રોડની સાઈડમાં ઉભો રાખીને એન્જિનની ચકાસણી કરી રહ્યા હતા તે દરમ્યાન એકાએક પાછળથી આવી રહેલા એક ટ્રેલરના ચાલકે પોતાના ટ્રેલરને બેફામ પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી લઈ આવી આઈસર ટેમ્પોને અડફેટમાં લઈ જોરદાર ટક્કર મારી અથડાવી દેતા અકસ્માત સર્જાયો હતો જેમાં ટ્રેલરની ટક્કરથી આઈસર ટેમ્પોનુ એન્જિન ચેક કરી રહેલા ચાલક મનોજભાઈ અને ક્લીનર ઈમરાન બન્ને હવામાં ઉછળી રંગોળા રોડ પર પછડાયા હતા પછડાયેલા મનોજભાઈ બાબુભાઈ રાઠોડના શરીર પર આઈસર ટેમ્પોના પાછળના ટાયરો ફરી વળતા ચાલક મનોજભાઈ બાબુભાઈ રાઠોડનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નીપજયું હતું

### પંચમહાલ જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને

## જિલ્લા જળ અને સ્વચ્છતા તથા જિલ્લા પાણી સમિતિની બેઠક યોજાઈ

**(પ્રતિનિધિ) ગોધરા,**
પંચમહાલ જિલ્લા કલેકટર આશિષ કુમારના અધ્યક્ષસ્થાને ગોધરા કલેકટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા તથા જિલ્લા પાણી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની હયાત યોજનાઓની,જળાશયોમાં ઉપલબ્ધ પાણીના જથ્થા બાબતની,જિલ્લામાં સ્થિત કુલ હેડ પંપ રીપેરીંગની કામગીરી, પીવાના પાણીની મુશ્કેલી બાબતની આવેલ રજુઆતોની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયતો દ્વારા વિવિધ યોજનાઓનું સુચારુ સંચાલન અને નિયમીત પાણી પુરવઠો વિતરણ થાય તે માટે લાઈન ડિપાર્ટમેન્ટને સાથે સંકલન કરી પીવાના પાણીની સમસ્યાઓને ત્વરિત નિરાકરણ કરવામાં આવશે.તેમણે જિલ્લામાં કાર્યરત જૂથ પાણી પુરવઠા યોજનાઓ, સ્વતંત્ર યોજનાઓ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા સબંધિત અધિકારીઓને સૂચન કર્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયા સહિત સબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## HOF મોડ્યુલર ફર્નિચર સેગમેન્ટના વ્યાપ વધારશે

**અમદાવાદ,**
છેલ્લાં ચાર દાયકાથી ફર્નિચર સેગમેન્ટમાં સક્રિય HOF હવે તેમની મોડ્યુલર ફર્નિચર માં તેમનો વ્યાપ વધારીને ઉત્પાદન ક્ષમતા બમણી કરવા જઈ રહ્યું છે. બદલાતી જીવનશૈલી અને ગ્રાહકોની પસંદગીના વધતા વ્યાપ સાથે આજે HOF ખાસ રીતે તૈયાર કરાયેલ પ્રીમિયમ ફર્નિચર સોલ્યુશન્સનો પર્યાય છે.

HOF ગ્રૂપની આગામી યોજનાઓ અંગે વાત કરતા HOF ગ્રૂપના સ્થાપક અને અધ્યક્ષ પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે, HOF હંમેશા ગ્રાહકોને કાંઈક નવું આપવાના પ્રયાસોમાં આગળ રહે છે. HOF મોડ્યુલર ફર્નિચર સિસ્ટમ ટાયર-૧ અને ટાયર-૨ શહેરો અને નાના શહેરોમાં પણ છે. ફર્નિચર બજારમાં ઘણી તકો છે અને અમે તેનો મહત્તમ ઉપયોગ કરવા માટે આદર્શ છીએ. વધતી માંગને પહોંચી વળવા માટે અમે અમારી મોડ્યુલર ફર્નિચર સિસ્ટમ ઉત્પાદન ક્ષમતાને ૨૦૨૪-૨૫ના બીજા ક્વાર્ટરમાં બમણી કરવાનું લક્ષ્યાંક કરી રહ્યાં છીએ. નવીનતા સાથે અમે ગ્રાહકોને શ્રેષ્ઠ વસ્તુ આપવા માટે પ્રતિબદ્ધ છીએ.''

HOF અનુકુળતા, કાર્યક્ષમતા અને સ્ટાઈલ પર ધ્યાન કેન્દ્રિત કરીને મોડ્યુલર ફર્નિચર ઉદ્યોગમાં આગળ વધી રહ્યું છે. વિવિધ જગ્યાઓને ધ્યાનમાં રાખીને કસ્ટમાઈઝેશન અને પર્સનલાઈઝેશનમાં વિવિધ વિકલ્પો આપે છે. મોડ્યુલર સોફા મોડ્યુલર સ્ટોરેજ યુનિટ્સથી લઈને ગ્રાહકોની જરૂરિયાત પ્રમાણે તૈયાર કરવામાં આવે છે. જે ગ્રાહકો ગુણવત્તાને પ્રાથમિકતા આપે છે અને શ્રેષ્ઠ ફર્નિચર જોઈએ છે તેમના માટે HOFમોડ્યુલર ફર્નિચરમાં વિશાળ રેન્જ છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**
(સર્વે અને બાંધકામ)
2 લેન ROBનું બાંધકામ
ભારતના યુનિયનના પ્રમુખ માટે અને તેમના વતી ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ)-II, પશ્ચિમ રેલવે અમદાવાદ નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ઈ-ટેન્ડર નોટિસ નંબર: T.No.Dy.CE/C/II/ADI/ROB-257/01** (ટુ પેકેટ). **(1) કામનું નામ અને સ્થાન :** વડોદરા ડિવિઝનના વડોદરા ગેરતપુર વચ્ચે. કિ.મી. 426/18-20 ખાતે એલસી નંબર 257 ના બદલામાં અભિગમો સાથે (એન્ડ ટુ એન્ડ) 2 લેન રોડ ઓવર બ્રિજો(આરઓબી)નું બાંધકામ. (બે પેકેટ) **(2) કામની અંદાજિત કિંમત** ₹27,98,55,756.16 **(3) જમા કરાવવાની અર્નેસ્ટ મનીઃ** ₹15,49,300 **(4) ટેન્ડર ફોર્મ ફીઃ** શૂન્ય **(5) કામ પૂર્ણ થવાનો સમયગાળોઃ** ચોમાસા સહિત 15 (પંદર) મહિના. **(6) બિડ જમા કરવાની તારીખ અને સમય :** તારીખ: 04.06.2024 સમય: 15:00 કલાક **(7) વેબસાઈટ વિગતો નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું:** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) II ની ઓફિસ, પશ્ચિમ રેલવે, બીજો માળ, 'C' વિંગ, નિર્માણ ભવન, DRM ઓફિસ પાસે, અસારવા, અમદાવાદ - 382345 **વેબસાઇટ: www.ireps.gov.in** CPM07
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**વેસ્ટર્ન ટાઇમ્સ**
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

**Franklin Templeton Mutual Fund**
Cordially invites you for a program under it's
**Investor Education and Awareness Initiative.**
Venue :
Double Tree Hilton, Ambali Bopal Road,
Nr ISCON Circle, S G Highway, Ahmedabad 380015
Date: 19th May, 2024
Time: 10:30 a.m.
Contact Person: Pravin Sumesara (9898018526)
Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow.
We look forward to your participation.
FRANKLIN TEMPLETON
Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West) Mumbai - 400013
**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**

**VODAFONE IDEA LIMITED**
**Regd. Office:** Suman Tower, Plot No. 18, Sector-11, Gandhinagar - 382 011, Gujarat
**CIN:** L32100GJ1996PLC030976 **Tel:** +91-79-66714000 **Fax:** +91-79-23232251
**Email:** shs@vodafoneidea.com **Website:** www.myvi.in

**AUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31-MARCH-2024**

(₹ Mn, except per share data)

| Particulars | Quarter ended 31-March-24 Refer Note 3 | Year ended 31-March-24 Audited | Quarter ended 31-March-23 Refer Note 3 | Year ended 31-March-23 Audited |
|---|---|---|---|---|
| Revenue from Operations | 106,068 | 426,517 | 105,319 | 421,772 |
| Profit/(Loss) before Tax and Exceptional items | (76,659) | (311,653) | (64,012) | (292,752) |
| Profit/(Loss) before Tax and after Exceptional items | (76,659) | (304,098) | (64,236) | (292,976) |
| Profit/(Loss) after Tax and Exceptional items | (76,746) | (312,384) | (64,189) | (293,011) |
| Total Comprehensive Income / (Loss) | (76,750) | (312,478) | (64,138) | (292,900) |
| Paid up Equity Share Capital (Face value ₹ 10 per share) | 501,198 | 501,198 | 486,797 | 486,797 |
| Reserves excluding Revaluation Reserve | (1,542,866) | (1,542,866) | (1,230,388) | (1,230,388) |
| Earnings Per Share for the period (₹) | | | | |
| - Basic | (1.57) | (6.41) | (1.53) | (8.43) |
| - Diluted | (1.57) | (6.41) | (1.53) | (8.43) |

**Notes:**
1. The above audited consolidated financial results, as reviewed by the Audit Committee of the Board, were approved and taken on record by the Board of Directors at their meeting held on 16th May, 2024.
2. Key numbers of Standalone Financial Results :-

(₹ Mn)

| Particulars | Quarter ended 31-March-24 Refer Note 3 | Year ended 31-March-24 Audited | Quarter ended 31-March-23 Refer Note 3 | Year ended 31-March-23 Audited |
|---|---|---|---|---|
| Revenue from Operations | 105,002 | 423,211 | 104,749 | 419,171 |
| Loss before Tax and Exceptional items | (76,788) | (311,697) | (63,710) | (291,595) |
| Loss before Tax and after Exceptional items | (76,788) | (304,142) | (65,193) | (293,078) |
| Loss after Tax and Exceptional items | (76,788) | (312,362) | (65,193) | (293,078) |

3. The financial results for the quarters ended 31st March, 2024 and 31st March, 2023 respectively are balancing figures between audited results for the full financial year and the published year to date figures upto the third quarter of the respective financial years.
4. The above is an extract of the detailed format of audited financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of audited financial results are available on the Stock Exchange websites, **www.nseindia.com** and **www.bseindia.com** and on the Company's website **www.myvi.in**.

For and on behalf of the Board of Directors of
**VODAFONE IDEA LIMITED**

Place : Mumbai
Date : 16th May, 2024

Sd/-
**Ravinder Takkar**
**Non-Executive Chairman**

# હવે હાઉસિંગ સોસાયટીમાં મનફાવે તેમ ટ્રાન્સફર ફી નહિ વસૂલી શકાય

(એજન્સી)અમદાવાદ,
અનેક લોકો માટે સોસાયટીનો વહીવટ એટલે માથાનો દુખાવો. અડધોઅડધ સોસાયટીના વહીવટમાં લોચા હોય છે. સોસાયટી પ્રમુખ અને કમિટી મેમ્બર્સ પોતાની મનમાની કરતા રહે છે. આવામાં ગુજરાતની સહકારી મંડળીઓના સુધારા વિધેયકમાં નવી જોગવાઈ કરવામાં આવી છે. એટલે કે નિયમો બદલવામાં આવ્યા છે. નવા બદલાવ મુજબ હવે સોસાયટીમાં ટ્રાન્સફર ફી નિયત કરવા પ્રમુખ કમિટીની મનમાની નહિ ચાલે. આમ, આ સાથે જ હવે હાઉસિંગ સોસાયાટીઓમાં મનફાવે તેમ ટ્રાન્સફર ફીની વસૂલાતનો અંત હવે નક્કી છે. ફેબ્રુઆરીમાં ગુજરાત વિધાનસભામાં પસાર કરાયેલા સાતેય વિધેયકને રાજ્યપાલે મંજૂરી આપી દીધી છે. રાજ્યના સહકાર મંત્રીએ સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૦ માં સુધારા કરતું વિધેયક ગુજરાત વિધાનસભામાં પાસ કરાવ્યુ હતું. જેમાં જૂના નિયમોમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. આ વિધેયકને હવે રાજ્યપાલ તરફથી લીલીઝંડી મળી ગઈ છે. આ સુધારાથી ગુજરાતમાં તમામ પ્રકારની કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓમાં જે હોદ્દેદારો દ્વારા જે રીતે મનફાવે તેમ ટ્રાન્સફર ફી વસૂલાતી હતી, તેનો અંત આવશે. આ પ્રકારની ફીના દર નક્કી કરવા સરકાર રજિસ્ટ્રારોના અધ્યક્ષપદે ઓથોરિટીની રચના કરશે. ચૂંટણી પતી ગઈ છે, એટલે આગામી એકાદ સપ્તાહમાં આ સુધારાના અમલ માટે નોટિફિકેશન જાહેર કરાશે. આ બાદથી સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઓને એકતરફી જોહુકમીનો અંત આવશે. અત્યાર સુધી મકાન કે પ્લોટના ટ્રાન્સફર માટે જે રીતે મનફાવે તેમ ટ્રાન્સફર ફી વસૂલાતી હતી, તે હવે નહિ વસૂલી શકાય. જો કોઈ આવું કરે તો તેના સામે કાર્યવાહી કરવા પણ જોગવાઈ કરાશે. કાયદામાં થયેલા સુધારાનો અમલ થતા મંડળીની નોંધણી આઠ સભ્યોથી પણ થઈ શકશે. હાલમાં આ મર્યાદા ૧૦ સભાસદોની છે.



(તસવીર :જયેશમોદી)
અમદાવાદમાં ઉનાળાની કાળઝાળ ગરમીથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. બપોરના સમયે આકરો તાપ પડતો હોવાથી લોકો કામ વગર બહાર નીકળવાનું ટાળતા હોવાથી મોટાભાગના માર્ગો સૂમસામ બની જાય છે.

## ગુજરાત ન્યુઝ અપડેટ્સ

### પત્ની સાથેના આડા સંબંધની શંકા રાખીને હત્યા કરી હતી

(એજન્સી)અમદાવાદ,
અમદાવાદ ગ્રામ્યના બગોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગત તા.૧૩ મેના રોજ હત્યા થયેલી હાલતમાં એક યુવકની લાશ મળી હતી. બગોદરા પોલીસે ટેકનિકલ એનાલિસીસ અને બાતમીના આધારે હત્યા કરનાર આરોપીની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું કે તેની પત્ની સાથે મૃતકને આડા સંબંધ હોવાની શંકા હોવાથી હત્યા કરી નાખી હતી. આરોપીએ હત્યા બાદ મૃતકનો ફોન પણ પાણીમાં નાખીને પુરાવાનો નાશ કર્યો હતો. બગોદરા બ્રિજ પાસે અવાવરું જગ્યામાંથી સંજય પ્રજાપતિ નામના યુવકની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. સંજય પ્રજાપતિને છરી અને કટરના તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને બગોદરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ ગોવિંદ ચાવડા સહિતની ટીમે તપાસ કરતા પ્રહલાદ સોલંકી નામના શખ્સે મૃતકને ફોન કર્યા હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે પ્રહલાદની ધરપકડ કરી હતી. આરોપી પ્રહલાદની પૂછપરછ કરતા તેની પત્ની અને સંજય વચ્ચે આડા સંબંધો હોવાની શંકા હોવાથી હત્યા કરી નાખી હોવાની કબૂલાત કરી હતી.

### ગુમ થયેલા ૨ બાળકોને શોધવા માતા–પિતા ભિક્ષુક બન્યા

(એજન્સી)ભૂજ,
કચ્છના મુન્દ્રામાંથી મૂળ બિહારના પરિવારના બે બાળકો જાન્યુઆરી મહિનામાં ગુમ થયા હતા. જેને શોધવા માતા – પિતાએ જે સંઘર્ષ કર્યો તે કોઈ ફિલ્મી કહાનીને ટક્કર મારે એવો છે. જેઓ પોતાના સંતાનોને શોધવા ભિક્ષુક બન્યા હતા. ૧૫ જાન્યુઆરીએ રાહુલ અને અર્પિત ઘરેથી રમતા રમતા નીકળ્યા હતા. જે બાદ ઘરે પરત ફર્યા ન હતા. બાળક ગુમ થયાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સ્થાનિક પોલીસે તમામ રાજ્યોને બાળકોની તસવીર મોકલી હતી. ઘણા દિવસો બાદ પણ પુત્રોની ભાળ ન મળતાં આખરે માતા – પિતાએ પોતાના પુત્રોને જાતે શોધવા નીકળ્યા હતા. મુંબઈ, ગોવા, પુનાથી નેપાળ સુધીના શહેરોમાં જઈ વિવિધ સ્થળોએ તપાસ કરી હતી. ત્યાર બાદ તેઓ બાગેશ્વર ધામ પણ ગયા હતા. ત્યારબાદ ગુમ થયેલા બે સંતાનોને શોધવા માતા -પિતાએ ભિક્ષુકનો વેશ ધારણ કર્યો હતો. વિવિધ શહેરોમાં ફરવાનું શરુ કર્યુ છે.

### વેસ્ટના નિકાલ માટે બારોબાર પાઈપલાઈન ખોદી નાખતા ૨૫ લાખનો દંડ ફટકાર્યો

(એજન્સી)અમદાવાદ,
અમદાવાદમાં વટવા જીઆઈડીસી વિસ્તારમાં પ્રદૂષણ માફિયા બેફામ બન્યા છે. કેમિકલ વેસ્ટના નિકાલ માટે બારોબાર દોઢ કિલોમીટરની કોઈની પણ પરવાનગી કે મંજૂરી મેળવ્યા વિના દોઢ કિલોમીટરની પાઈપલાઈન ખોદી નાખતા જીપીસીબીએ ૨૫ લાખનો દંડ ફટકાર્યો છે. અમદાવાદના વટવામાં આવેલા જીઆઈડીસી વિસ્તારમાં પ્રદૂષણ માફિયાઓ બેફામ બન્યા છે. કેમિકલ વેસ્ટના નિકાલ કરવા માટે જીઆઈડીસી ફેઝ-૨માં આવેલી ડાય-ઓ-કેમ કંપનીએ બારોબાર દોઢ કિલોમીટરની પાઈપલાઈન ખોદી નાખી કેમિકલ વેસ્ટ નજીકમાં આવેલી કેનાલમાં ઠલવવામાં આવતો હતો. ગેરકાયદે રીતે કલર અને ડાય બનાવતી કંપનીએ કોઈપણ પ્રકારની પરવાનગી કે મંજૂરી મેળવ્યા વિના એએમસી, પોલીસ અને જીપીસીબીને જાણે ખુલ્લો પડકાર ફેંકતી હોય તેમ બારોબાર પાઈપલાઈન ખોદી નાખી.

# ધોરણ ૧૦-૧૨ની પૂરક પરીક્ષાની તારીખ જાહેર

(પ્રતિનિધી) ગાંધીનગર,
ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાને લઈ મહત્વના સમાચાર સામે આવ્યો છે. ૨૪ જૂનથી ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા યોજાશે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તારીખ જાહેર કરાઈ છે. બોર્ડ દ્વારા વિગતવાર સમયપત્રક જાહેર થશે. ઉલ્લેખનીય છે કે, પૂરક પરીક્ષાની વિષયની સંખ્યામાં આ વર્ષથી જ વધારો કરાયો છે
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવ્યું છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો ૨૦૦૫ના વિનિયમ ૧૬ (૧) ની જોગવાઈ અનુસાર ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ તેમજ સંસ્કૃત પ્રથમા અને સંસ્કૃત મધ્યમા માટેની પૂરક પરીક્ષા તા.૨૪/૦૬/ ૨૦૨૪થી યોજવામાં આવશે. ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું વિગતવાર સમયપત્રક આગામી સમયમાં જાહેર કરવામાં આવશે.
માર્ચ મહિનામાં ગુજરાત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ ની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ધો. ૧૦ નું પરિણામ જાહેર થતા શાળાઓમાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળ્યો હતો.
ગુજરાત માધ્યમિક તેમત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા થોડા સમય પહેલા જ ધો.૧૨ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.
ત્યારબાદ બોર્ડ દ્વારા ધો.૧૦નુ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યમાં ધો. ૧૦માં કુલ ૯.૧૭ લાખ વિદ્યાર્થીઓએ ૯૮૧ કેન્દ્રોનાં ૩૧૮૨૯ પરીક્ષા આપી હતી.

## દિલ્હીથી વડોદરા આવતા વિમાનમાં બોમ્બ હોવાની અફવાથી દોડધામ

(એજન્સી)અમદાવાદ,
દિલ્હીથી વડોદરા આવતા વિમાનમાં બૉમ્બ હોવાની અફવાથી દોડધામ મચી ગઈ હતી. એર ઈન્ડિયા ફ્લાઈટ એઆઈ-૮૧૯ માં બૉમ્બ હોવાની અફવા ફેલાઈ હતી. આ અફવા ફેલાતા એનએસજી કમાન્ડો, સીઆઈએસએફ , તેમજ સ્થાનીક પોલીસ બૉમ્બ સ્કવોડ સાથે તંત્ર દોડતું થયું હતુ. યાત્રીના જણાવ્યા અનુસાર ૧૦ કિલોમીટર દૂર ફ્લાઈટને ગ્રાઉન્ડ કરવામાં આવી હતી. ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા મુસાફરે આ વીડિયો બનાવ્યો હતો. એઆઈ-૮૧૯ના યાત્રીઓને દોઢ કલાક ફ્લાઈટમાં બેસાડી રાખવામાં આવ્યા હતા. મોડી રાત સુધી ચેકીંગ બાદ બૉમ્બ ના મળતા તંત્ર અને યાત્રીઓએ રાહત મળી. એઆઈ-૮૧૯ફ્લાઈટમાં ૧૮૦ યાત્રી વડોદરા આવવા સવાર થયા હતા. બૉમ્બ હોવાની માહિતીથી કેન્સલ થયેલી ફ્લાઈટ આજે દિલ્હીથી વડોદરા આવવા પ્રસ્થાન કરી છે.

# વીડિયો કોલ કરી પંજાબની સગીરાએ આપઘાત કર્યો

## પ્રેમીએ મિત્ર સાથે બનાવ્યો લાશ ઠેકાણે પાડવાનો પ્લાન

(એજન્સી)અમદાવાદ,
શહેરના સોલા પોલીસ સ્ટેશનમાં ગુડુ યાદવ નામના આરોપી સામે અપહરણ અને આત્મહત્યા માટે પ્રેરિત કરવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ આરોપીએ સગીરાને પંજાબથી લાવીને અમદાવાદમાં રાખી હતી. જે બાદ તે પણ ત્યાંથી જતો રહ્યો હતો. થોડા દિવસો પછી સગીરાએ વીડિયો કોલ કરીને આપઘાત કરી લીધો હતો. જે વાતની જાણ થતા ફરાર આરોપીને પકડવા માટે એક ટીમ રાજસ્થાન અને એક ટીમ બિહાર મોકલવામાં આવશે. આરોપીની ધરપકડ બાદ અન્ય ખુલાસા સામે આવશે.
મળતી માહિતી પ્રમાણે, આરોપી અને સગીરા બન્ને બિહારના શિવાનના રહેવાસી છે. આરોપીએ ગત ફેબ્રુઆરી ૨૦૨૪માં સગીરા જે માતા - પિતા સાથે પંજાબમાં રહેતી હતી ત્યાંથી અપહરણ કરીને સોલામાં લઈ આવ્યો હતો. તેણે સગીરાને લગ્નની લાલચ આપીને લઈ આવ્યો હતો. સગીરાના માતાપિતા પંજાબમાં મજૂરી કરે છે.
એપ્રિલમાં આરોપી સગીરાને એકલી મૂકીને રાજસ્થાનના જેસલમેર જતો રહ્યો હતો. ત્યારે સગીરાને એકલતા લાગી રહ્યું હતું અને તેને શંકા હતી કે, આરોપી તેને મૂકીને જતો રહ્યો છે. સગીરાએ ગત ૪ એપ્રિલના રોજ ગુડુને વીડિયો કોલ ને કર્યો હતો. ત્યારે સગીરાએ આપઘાતની વાત કરી હતી. પરંતુ ગુડુને મજાક લાગી રહ્યું હતુ.તેમ છતાં ગુડુએ અમદાવાદમાં રહેતા મિત્ર રાજકિશોરને ઘરે જોવા માટે મોકલ્યો હતો. આરોપીના મિત્રએ જોતા સગીરાએ આપઘાત કરી લીધો હોવાનુ સામે આવ્યું હતુ. આરોપીએ મિત્રને લાશ લઈ પાલનપુર લાવવા માટે કહ્યુ અને તે પોતે રાજસ્થાનથી ત્યાં આવી રહ્યો છે તેમ જણાવ્યુ હતુ. પરંતુ આરોપી ત્યાં નહિ આવતા તેનો મિત્ર દુવિધામાં આવી ગયો હતો. આરોપીએ લાશને એમ્બ્યુલન્સથી બિહાર મોકલી આપતા કહ્યું હતું પરંતુ એમ્બ્યુલન્સ પોલીસ કાગળ વિના લાશ લઈ જવાની ના પાડી હતી. આરોપીએ કોઈ યોગ્ય જવાબ ના આપતા મિત્રએ લાશ ગત પાંચ એપ્રિલના રોજ પાલનપુર સિટીમાં મૂકીને ત્યાંથી જતો રહ્યો હતો. જેથી પાલનપુરમાં અકસ્માત ગુનો દાખલ થયો હતો. ત્યાર બાદ લાશનું પીએમ થયા બાદ ઝીરો મુજબ સોલા મોકલી આપતા સોલામાં ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. હવે પોલીસે સગીરાના મોબાઈલ સહિતના મુદ્દામાલ અને આરોપીને પકડવા કામગીરી હાથ ધરી છે.

# વર્ગ-૩ના કર્મચારીઓ માટે મિલકતો જાહેર કરવાની તારીખ લંબાવાઈ

(એજન્સી)અમદાવાદ,
રાજ્ય સરકારના વર્ગ-૩ના કર્મચારીઓને સરકારે મોટી રાહત આપી છે. તેમના માટે મિલકતો જાહેર કરવાની તારીખ લંબાવવામાં આવી છે. રાજ્ય સરકારના સારથિ પોર્ટલ પર વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીની વિગતો ભરવાનો સમય લંબાવવામાં આવ્યો છે. રાજ્ય સરકારે ૨૮મી ફેબ્રુઆરીએ કરેલા નિર્ણયનો અમલ કરવા કર્મચારીઓને સૂચના આપી છે. રાજ્ય સરકારના વર્ગ ૩ના કર્મચારીઓએ હવે વર્તમાન નાણાકીય વર્ષથી પોતાની મિલકત સંબંધિત વિગતો જાહેર કરવી પડશે.
રાજ્ય સરકારના સારથિ પોર્ટલ પર વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીની વિગતો ભરવાનો સમય લંબાવવામાં આવ્યો છે. અગાઉ ૧૫ મે સુધી કામગીરી પૂરી કરવાનો સમય લંબાવવામાં આવ્યો હતો. હવે વર્ગ ૩ના કર્મચારીઓ માટે સમયમર્યાદા લંબાવીને ૧૫ જુલાઈ કરવામાં આવી છે. હવે તેઓ વર્ષ ૨૦૨૩ સુધીની મિલકતો સારથિ પોર્ટલ પર ભરી શકશે. રાજ્ય સરકારના વર્ગ ૩ના કર્મચારીઓની મિલકત સંબંધિત વિગતો સામાન્ય રીતે તેમના વિભાગ દ્વારા નિયમિત રીતે દસ્તાવેજીકરણ કરવું જરૂરી છે. ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે આ માહિતી જાહેર કરવામાં આવે છે. તે કર્મચારીઓના નિવેદનના આધારે કરાય છે. આ દસ્તાવેજીકરણનો મુખ્ય હેતુ કોઈપણ પ્રકારના ભ્રષ્ટાચારને અટકાવવાનો અને પારદર્શકતા જાળવવાનો છે. આ દસ્તાવેજીકરણમાં નીચેની વિગતો સામેલ હોઈ શકે છે. કર્મચારીની સંપત્તિની માહિતી જેવી કે જમીન, મકાનનો સમાવેશ થાય છે. બેંક ખાતાની વિગતોનો સમાવેશ થાય છે. રોકાણ અને સંગ્રહની માહિતી આપવાની હોય છે. કોઈપણ આર્થિક દેવુ અથવા લોનનો સમાવેશ થાય છે. આ વિગતો અનિવાર્ય રીતે રાજ્ય સરકારના નિયામક વિભાગને દર વર્ષે સુપ્રદ કરવી પડતી હોય છે.

## ચારધામ યાત્રાએ ગયેલા ગુજરાતી પરિવારને અકસ્માત નડ્યો

(એજન્સી)અમદાવાદ,
ચારધામ યાત્રાને આ વર્ષે ગ્રહણ લાગ્યું છે. મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડતા રસ્તાઓ જામ થયા છે. ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં તો ભક્તોને પગ મૂકવાની પણ જગ્યા નથી મળી રહી. આવામાં ગંગોત્રી તરફ જતા ગુજરાતી પરિવારની ગાડીને મોટો અકસ્માત નડ્યો હતો. બે ટેમ્પો ટ્રાવેલર એકસાથે ભટકાતા લોકો ઈજાગ્રસ્ત થયા હતા.ચાર ધામની યાત્રા દરમિયાન ગંગોત્રી જતા ગુજરાતી પરિવારોને અકસ્માત નડ્યો છે. ગઈકાલે બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. બે ટેમ્પો ટ્રાવેલરના એક સાથે ટકરાતા અકસ્માત થયો હતો. એક ટેમ્પો ટ્રાવેલર પલટી મારી તો બીજો ટેમ્પો ટ્રાવેલર ભેખડ સાથે અથડાયો હતો. જેમાં દર્શનાર્થીઓને સામાન્ય ઈજાઓ હોવાથી નજીકના હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા બાદ તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું હતું. ઉત્તરાખંડની ચારધામ યાત્રા પર નીકળેલા યાત્રાળુઓને બુધવારે પણ લાંબા જામમાંથી રાહત મળી નહોતી. જો કે રાજ્ય સરકારે મુસીબતો ઓછી કરવા માટે કેટલાક ઉપાય લાગુ જરૂર કર્યા છે. પણ તેની અસર એક-બે દિવસમાં જોવા મળશે. હાલ સૌથી વધારે મુશ્કેલી યમુનોત્રી અને ગંગોત્રીના માર્ગો પર છે. ચારધામ યાત્રામાં કિલો દહીંના રૂ.૨૦૦, બટેટાના ૧૦૦ રૂપિયા ભાવ વસૂલાઈ રહ્યાં છે.

## સ્વામી સચ્ચિદાનંદની તબિયત લથડી

(એજન્સી)અમદાવાદ,
ગુજરાતના જાણીતા સંતશ્રી સચ્ચિદાનંદ બાપુની તબિયત લથડી છે. સૂઈગામ ખાતે છેલ્લા કેટલાક દિવસોથી તેઓ પ્રવચન આપી રહ્યા હતા ત્યારે તેમની તબિયત લથડી હતી. સંતશ્રી સચ્ચિદાનંદ બાપુની તબિયત લથડતાં ભાવિક ભક્તો ચિંતિત બન્યા છે. સુઈગામમાં હાલ સ્થાનિક ડોકટર દ્વારા સંતશ્રીને સારવાર અપાઈ રહી છે. ચોંકાવનારી બાબત એ છે કે, તેમણે પોતાની સમાધિ નડાબેટ ખાતે આપવામાં આવે તે માટે બે દિવસ પહેલા જગ્યા પણ નક્કી કરી હતી. અનેક પુસ્તકો લખી સેંકડો લોકોના જીવનમાં પરિવર્તન લાવનાર સંત સચ્ચિદાનંદ બાપુને વર્ષ ૨૦૨૨માં ભારત સરકાર દ્વારા પદ્મભૂષણનો એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા.

# મેટ્રો સ્ટેશનને જોડતી ફીડર બસ સેવા શરૂ થશે

(પ્રતિનિધિ) અમદાવાદ,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોની સુવિધા માટે મેટ્રો સ્ટેશનથી દરેક વિસ્તારમાં ફીડર બસ સેવા શરૂ કરવામાં આવશે આ ઉપરાંત વરસાદી પાણી ભરાય તેવી સ્થિતિમાં સ્થાનિક નાગરિકોની મદદ લેવામાં આવશે.
મ્યુનિ. સ્ટેન્ડિગ કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણીના જણાવ્યા મુજબ અમદાવાદમાં એએમટીએસ અને બીઆરટીએસ એમ બે જાહેર પરિવહન બસ સેવા કાર્યરત છે આ ઉપરાંત મેટ્રો ટ્રેન પણ શરૂ થઈ ગઈ છે. નાગરિકોને ઘરેથી મેટ્રો સ્ટેશન સુધી અવરજવર માટે તકલીફ ન થાય તે આશયથી દરેક વિસ્તારમાં ફીડર બસ સેવા શરૂ કરવામાં આવશે જેના માટે ૧૫૦ નવી બસો મુકવામાં આવશે. ચોમાસામાં ધોધમાર વરસાદ સમયે જયારે પાણીના ભરાવા થાય છે તેવા સમયે કોર્પોરેશનના કર્મચારી કે મજુરોને જે તે સ્થળે પહોચવામાં વિલંબ થાય છે તેથી પાણીના નિકાલ થવામાં સમય લાગે છે.
આગામી ચોમાસામાં આવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે દરેક વિસ્તારમાં મશીન હોલ કે સ્ટ્રોમ વોટર લાઈનની નજીક જે પણ દુકાનો હોય તેમના માલિકને જરૂરી સાધન આપવામાં આવશે તેમજ વરસાદ શરૂ થાય તેની સાથે જ મશીન હોલ કે સ્ટ્રોમ વોટર લાઈનના ઢાંકણા ખોલી નાંખે તેવી ટ્રેનીંગ પણ આપવામાં આવશે. શહેરમાં પાણીજન્ય રોગચાળો માજા મુકી રહયો છે તેથી બરફ ગોળા, શેરડીના રસ વગેરેના સેમ્પલ લેવા માટે જવાબદાર અધિકારીને તાકિદ કરવામાં આવી છે. રાત્રિના સમયે પણ હેલ્થ ફૂડ ખાતા દ્વારા સેમ્પલ લેવામાં આવશે. ગુડા એક્ટ અંતર્ગત ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવા માટે ૫૦૦૧ અરજી મળી છે તે પૈકી ૩૦૦૧ અરજીઓનો નિકાલ થઈ ગયો છે જેની સામે તંત્રની તિજોરીમાં રૂા.૧૨૦ કરોડ જમા થયા છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# અમદાવાદમાં બ્લડ કલેકશનમાં ૭૦ ટકા ઘટાડો નોંધાયો

(એજન્સી)અમદાવાદ,
અમદાવાદમાં હાલમાં ભારે ગરમી પડી રહી છે અને તેની સાથે વેકેશન પણ ચાલી રહ્યુ છે. આના કારણે અમદાવાદમાં બ્લડ કલેકશનમાં ૭૦ ટકા ઘટાડો નોંધાયો છે. બ્લડ કલેકશનમાં આ રીતે નોંધપાત્ર ઘટાડો થતાં અમદાવાદમાં રીતસરની લોહીની અછત વર્તાઈ રહી છે.
અમદાવાદમાં બ્લડ યુનિટ ઝડપથી મળતું ન હોવાથી કેટલીક સંસ્થાઓ મદદ માટે સોશિયલ મીડિયાના આશરે છે. બ્લડ બેંક સાથે સંકળાયેલા ડોક્ટરના જણાવ્યા મુજબ સામાન્ય રીતે દર મહિને ૩,૫૦૦થી ૪,૦૦૦ યુનિટ બ્લડ મળતું હોય છે. તેની સામે ભારે ગરમીના લીધે હાલમાં માંડ ૧,૨૦૦થી ૧,૫૦૦ યુનિટ જ લોહી મળી રહ્યું છે. અન્ય બ્લડ બેંકોમાં પણ ૬૦થી ૭૦ ટકા જેટલા બ્લડ યુનિટની ઘટ પડી છે.
આના પગલે સોલા સિવિલ હોસ્પિટલ ખાતેની બ્લડ બેંકમાં એ પોઝિટિવ અને એબી પોઝિટિવ બ્લડ ગ્રુપની ખૂબ જ અછત હોવાથી સ્વૈચ્છિક રક્તદાન કરવાની અપીલ કરતાં લખાણ જાહેરમાં લખવામાં આવ્યું છે. આ સંદર્ભમાં બ્લડ બેંક સાથે સંકળાયેલા ડો. હિમાની પટેલે જણાવ્યું હતું કે ગરમીના લીધે બ્લડ ડોનેશન કેમ્પ ઓછા પ્રમાણમાં યોજાઈ રહ્યા છે. એક વ્યક્તિના રક્તદાનથી ત્રણ વ્યક્તિના જીવન બચી શકે છે. તેથી હાલના સંજોગોમાં બ્લડ ડોનેટ વધુને વધુ થાય તેટલું સારું છે.

## બોપલમાં તસ્કરો ત્રાટક્યા, રૂા.૧૩ લાખની મત્તાની ચોરી

(એજન્સી)અમદાવાદ,
અમદાવાદમાં ચોરીના બનાવો દિવસે દિવસે વધી રહ્યાં છે. પોલીસનું સઘન પેટ્રોલિંગ હોવા છતાં ચોરી કરનારા બેફામ બનીને ચોરીના ગુનાને અંજામ આપી રહ્યાં છે. ત્યારે શહેરના બોપલ વિસ્તારમાં ચોરીની ઘટના સામે આવી છે. જેમાં ઘરમાં પુત્ર તેની પત્ની અને સંતાન સાથે બાલી ફરવા ગયો હતો અને વૃદ્ધ દંપતિ ઘરમાં સુતા હતાં. તેમણે સવારે ઉઠીને જોયું તો ઘરમાં કેટલોક સામાન વેરવિખર હાલતમાં પડ્યો હતો અને રોકડા રૂપિયા તથા સોનાના દાગીના સાથે ચોરોએ ૧૩ લાખની ચોરી કરી હતી.
મળેલી માહિતી પ્રમાણે કિશોરભાઈ રાજપુરોહિતે બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ નિવૃત્ત જીવન ગુજારે છે અને તેમનો પુત્ર ગત ૧૧મી મેના રોજ પત્ની અને સંતાન સાથે ઈન્ડોનેશિયાના બાલી ખાતે ફરવા ગયો હતો.
ઘરમાં બંને વૃદ્ધ દંપત્તી એકલા હતાં. ત્યારે રાત્રે સાડા અગિયાર વાગે દંપત્તિ સુઈ ગયા હતાં.

# નિર્ણયનગરના આધેડની હત્યાનો ભેદ ઉકેલાયો

(એજન્સી)અમદાવાદ,
અમદાવાદના ગુમ થયેલા આધેડનો મૃતદેહ બોપલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા એસપી રિંગ રોડ પાસે અવાવરું જગ્યાએથી મળ્યો હતો. પોલીસે તપાસ કરતા આધેડની હત્યા થઈ હોવાનો ખુલાસો થયો હતો. તેવામાં હત્યા કરનાર અન્ય કોઈ નહિ પણ મૃતકનો જ સાથી કર્મી હોવાનું સામે આવતા પોલીસે તેની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી સમલૈંગિક સંબંધ ધરાવવાની ટેવવાળો છે. જોકે, તેણે રૂપિયાની લેતીદેતીમાં હત્યા કરી હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી છે. અમદાવાદના નિર્ણયનગરમાં રહેતા નિલેશભાઈ વાઘેલા નામના ૫૧ વર્ષીય આધેડ ગત તા.૧૧મીએ ગુમ થયા હતા. તા.૧૩મીએ એસપી રિંગ રોડ પાસે અવાવરુ જગ્યાએથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક દૃષ્ટિએ પોલીસને કઈક અજુગતું બન્યું હોવાની ગંધ આવી હતી. જેથી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવતા માથાના ભાગે ઈજા પહોંચાડીને ગળું દબાવીને હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું હતું. જેથી બોપલ પોલીસે તપાસ કરતા મૃતક નિલેશભાઈનો સહ કર્મી રમેશ ધામોર ઘટનાસ્થળેથી એક્ટિવા લઈ જઈને જતો હોવાના પુરાવા મળ્યા હતા. જેથી પોલીસે રમેશ ધામોરની ધરપકડ કરી પૂછપરછ કરતા તેણે મૃતક નિલેશભાઈને ૧૦ હજાર ઉછીને આપ્યા હતા. જે પરત ન આપતા બંને વચ્ચે તકરાર-બોલાચાલી થયા બાદ હત્યા કરી નાખી હતી. જોકે, આરોપીની વધુ પૂછપરછ કરતા તે સમલૈંગિક સંબંધની ટેવવાળો હોવાનું સામે આવ્યું છે.

# શહેરમાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન ચોમાસાની સીઝનમાં ૮૬૧૭ વૃક્ષો જમીન દોસ્ત થયા

| વર્ષ | પડેલા વૃક્ષ |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨૩૪ |
| ૨૦૧૬-૧૭ | ૪૩૯ |
| ૨૦૧૭-૧૮ | ૮૬૪ |
| ૨૦૧૮-૧૯ | ૭૨૯ |
| ૨૦૧૯-૨૦ | ૧૨૩૬ |
| ૨૦૨૦-૨૧ | ૧૧૯૪ |
| ૨૦૨૧-૨૨ | ૨૬૬૪ (તાઉતે વાવાઝોડું) |
| ૨૦૨૨-૨૩ | ૫૯૩ |
| ૨૦૨૩-૨૪ | ૬૬૪ |

| ઝોન | જડમુળથી કાપવાના વૃક્ષો | ભયજનક વૃક્ષો | સુકાઈ ગયેલ વૃક્ષો |
|---|---|---|---|
| પશ્ચિમ ઝોન | ૨ | ૨૨ | ૮૫ |
| ઉ.પ.ઝોન | ૦ | ૩૭ | ૧ |
| દ.પ.ઝોન | ૨ | ૭૧ | ૨૯ |
| મધ્યઝોન | ૦ | ૨૯ | ૨ |
| ઉત્તર ઝોન | ૨ | ૮૫ | ૧૨ |
| પૂર્વ ઝોન | ૩ | ૧૭ | ૨૮ |
| દક્ષિણ ઝોન | ૦ | ૧૧ | ૫ |
| કુલ | ૯ | ૨૭૨ | ૧૬૨ |

(દેવેન્દ્ર શાહ) અમદાવાદ,
અમદાવાદ શહેરમાં ચોમાસામાં વરસાદની સાથે સામાન્ય પવન આવે તે સાથે જ મોટી સંખ્યામાં વૃક્ષો ધરાશાયી થઈ જાય છે. મ્યુનિ. કોર્પો. દ્વારા તૈયાર કરવામાં આવનાર પ્રિમોન્સુન એકશન પ્લાનમાં જોખમી વૃક્ષોના ટ્રીમીંગ કરવાના મુદ્દાનો પણ સમાવેશ કરવામાં આવે છે પરંતુ આ પ્રકારનું ટ્રીમીંગ મહદઅંશે નાગરિકોની ફરિયાદના આધારે જ થાય છે. ભુતકાળના અનુભવને ધ્યાનમાં લઈ ચાલુ વર્ષે વૃક્ષો ધરાશાયી ન થાય તેમજ નાગરિકોના જાનમાલની પણ રક્ષા થાય તે આશયથી ચોમાસા પહેલાં જ આવા જોખમી વૃક્ષોનો સર્વે કરવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન વરસાદની સીઝનમાં ૮ હજાર કરતા પણ વધુ વૃક્ષો જમીન દોસ્ત થયા હતાં.
શહેરમાં ચોમાસાની સીઝન દરમિયાન ખૂબ જ મોટી સંખ્યામાં ઝાડ પડી જાય છે જેના કારણે કયારેક નાગરિકોના જાનમાલની પણ ખુવારી થતી હોય છે. શહેરમાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન ૮૬૧૭ જેટલા નાનામોટા વૃક્ષો જમીન દોસ્ત થયા છે જેમાં પણ છેલ્લા ત્રણ ચાર વર્ષમાં વરસાદી સીઝનમાં ઝાડ પડી જવાની સંખ્યામાં ચિંતાજનક હદે વધારો થયો છે. ૨૦૨૦-૨૧માં ૧૧૯૪ ઝાડ પડી ગયા હતાં જયારે તાઉતે વાવાઝોડા દરમિયાન ૨૦૨૧-૨૨માં ૨૬૨૪ મોટા વૃક્ષો ધરાશાયી થયા હતા આવા કડવા અનુભવોને ધ્યાનમાં લઈ મ્યુનિ. બગીચા વિભાગ દ્વારા ચાલુ વર્ષે સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે તથા જમીનદોસ્ત થાય તેવા વૃક્ષોનો એક ખાસ સર્વે કરવામાં આવે છે જે મુજબ નવ જેટલા વૃક્ષો જળમૂળથી કાપવા પડે તેમ છે જયારે ૨૭૨ વૃક્ષો અત્યંત ભયજનક અને નમી ગયેલા છે આ વૃક્ષોને દુર કરીને ચોમાસા પહેલા મ્યુનિ. બગીચા વિભાગ નાગરિકોને શાંતિ અને સલામતી આપવા માટે પ્રયાસ કરી રહયું છે.

**મ્યુનિ. કોર્પો. એ ચાલુ વર્ષે અગમચેતી વાપરી ભયજનક વૃક્ષોનો સર્વે કરાવ્યો**




જાપાનના ટોક્યો ખાતે ટોક્યો મેટ્રોપોલિટન ગવર્નમેન્ટ દ્વારા યોજાયેલી સુશીટેક ટોક્યો ૨૦૨૪ સીટી લીડર્સ કોન્ફરન્સ અંતર્ગત અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન તથા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મિરાંત પરીખ દ્વારા અમદાવાદ શહેરનું નેતૃત્વ કરતા શહેર દ્વારા ક્લાયમેટ ચેન્જ ને નાથવા માટે કરવામાં આવી રહેલા, વિવિધ પ્રયત્નોને આવરી લેતું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

# હોલસેલ બજારમાં ૧૦ કિલો કેસર કેરીની પેટીનો ભાવ ઘટીને ૮૦૦એ પહોંચ્યો

(એજન્સી)ગીર,
ગુજરાતની કેસર કેરી વિશ્વભરમાં પ્રખ્યાત છે. ગીરના સિંહની જેમ કેસર કેરી પણ ગુજરાતની ઓળખ છે. કેસરી કેરીના રસિયા આખુ વર્ષ આ ફળને પાકવાની અને તેની લિજ્જત માણવાની આતુરતાથી રાહ જોતા હોય છે પરંતુ આ વર્ષે કેસર કેવીના રસિયા માટે માઠા સમાચાર છે. આ વર્ષે બજારમાં કેરીની આવક પણ ઓછી છે અને તેમાં પણ અધુરામાં પુરી માવઠા અને પવનના કારણે કેરી ઝાડ પરથી પડી જતાં કેરીની ખેતી કરતા ખેડૂતોને પારાવાર નુકસાન થયું છે. આવી સ્થિતિમાં કેસર કરીને ભાવ સતત ઉંચકાઈ રહયાં છે. જોકે કમોસમી વરસાદના વારાફરતી રાઉન્ડ આવતા કેરીના ભાવમાં આંશિક ઘટાડો થયો છેય
કમોસમી વરસાદથી કેસર કેરીના ભાવમાં ઘટાડો થયો છે. હોલસેલ બજારમાં ૧૦ કિલો કેસર કેરીની પેટીના ભાવ ઘટીને ૮૦૦એ પહોંચ્યો. જોકે છુટકમાં હજુ પણ કેસર કેરીના બોકસનોભાવ ૧૨૦૦થી ૧૬૦૦ રૂપિયા વેચાઇ રહી છે. વહેલી સવારથી સુરત શહેરમાં મોસમનો મિજાજ બદલાયો છે અહીં આકાશમાં કાળાડિંબાગ વાદળો ઘેરાતા ખેડૂતોની ચિંતા વધી છે. ડાંગર, તલ, મગ, કેરી અને શાકભાજી સહિતના પાકને નુકસાન થવાની ખેડૂતોને ભીતિ છે. અમરેલી માર્કેટ યાર્ડની વાત કરીએ તો કેસર કેરીના ભાવમાં ૨૦ કિલોએ ૨૦૦ રૂપિયાનો વધારો અને હાફૂસ કેરીમાં ૪૦૦ રૂપિયા સુધીનો ઘટાડો નોંધાયો છે. દસ કિલોના બોકસનો રિટેલ ભાવ ૧૨૦૦થી ૧૩૦૦ રૂપિયા બોલાઈ રહ્યો છે.તાલાલાની જેમ અમરેલીમાં પણ આંબાના બાગ વધુ હોવાથી કેરીનું સારું એવું ઉત્પાદન થાય છે. જો કે ખેડૂતોના મતે આ વખતે ઠંડી આંબાના મોરને બરાબર ન મળતા તેની સીધી અસર પાક પર થઇ છે. આ વખતે કેસરી કેરીનું ઉત્પાદન ઓછું હોવાથી અને ઉપરથી કમોસમી વરસાદ પડતાં ભાવ પહેલાથી ઊંચા બોલાઈ રહ્યાં છે.



**છુટકમાં કેસર કેરીના બોક્સનો ભાવ ૧૨૦૦થી ૧૬૦૦**